કુમાર

અંક ૫

ઉગતી પ્રજાનું માસિક

વૈશાખ
વર્ષ ૧
અંક ૫
૧૯૮૦



તંત્રી
રવિશંકર રાવળ

પુસ્તક પહેલું કુમાર સંવત ૧૯૮૦
અંક : ૫ વૈશાખ

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી : રવિશંકર રાવળ

કુમાર કાર્યાલય : ૪૪૮૦, રાયપુર : અમદાવાદ

બહારગામના એજન્ટો

નવજીવન કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ—૨.
વર્ધમાન ઍન્ડ સન્સ, ૬, પાયધુની, મુંબાઈ—૩.
કરાંચી બુકસ્ટૉલ નેપીઅર રોડ, કરાંચી.
કાન્તિલાલ મ. જોશી, દીવાનપરા, ભાવનગર.

ગ્રાહકોને

આ માસિકનું લવાજમ, પોસ્ટેજ સાથે. વરસ એકના રૂા. ૬ છે. આખા વરસનું એકસામટું લવાજમ ન ભરી શકનારા રૂા. ૩ ભરીને છ મહીનાના ગ્રાહક બની શકે. પરદેશના ગ્રાહકોએ રૂપીઆ સાત મોકલવા. છુટક અંકના દસ આના. લવાજમ અગાઉથી જ લેવામાં આવે છે.

લવાજમ વી. પી. કરતાં મનીઑર્ડરથી મોકલી વસુલ કરાવવું એ વધારે સુગમ અને ઓછું ખરચાળ છે.

પુરેપુરૂં નામ અને ચોક્કસ સરનામું નહિ મોકલ્યું હોય તો માસિક ગેરવલ્લે જવા બદલ અમે જવાબદાર નથી.

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અચૂક લખવો. તે સિવાય કોઈ પણ જાતની વ્યવસ્થા કરવાનું બની નહિ શકે.

માસિકમાં આવતી ઇનામી હરીફાઈમાં ભાગ લેવાનો હક માત્ર ગ્રાહકોને જ રહેશે; છુટક નકલ ખરીદનારાઓને કે ભેટ તરીકે અંક મેળવનારાઓને પણ નહિ.

લેખકોને

ઉગતી પ્રજાને માટે જેની પાસે કાંઇક પણ સંદેશો, પ્રેરણા, ઉપયોગી થવાની ઇચ્છા કે માર્ગદર્શક દૃષ્ટિકોણ હોય તે આ માસિક માટે ખસુસ લખે.

જેઓને માટે આ માસિક ચલાવવામાં આવે છે તેઓ—કુમારો અને કુમારીઓમાંથી જેઓ ઉછરતા લેખકો હશે તેમને અમે યોગ્યતા પ્રમાણે જરૂર સ્થાન આપીશું; કારણકે અમારી ઇચ્છા છે કે આ માસિક વાંચનારાઓનાં હૃદયનું પ્રતિબિમ્બ બને.

લેખમાંની હકીકતો વિષે લેખકજ બધી રીતે જવાબદાર રહેશે.


ભાષાન્તર કરેલા લેખો માટે બની શકે તો તેના મુળ કર્તાની પરવાનગી મેળવવી. અને જે ભાષાના ગ્રન્થ કે લેખ ઉપરથી ભાષાન્તર કર્યું હોય તેની સ્પષ્ટ માહીતી અચૂક આપવી.

કેટલાક લેખો સ્થળસંકોચ કે બીજાં કારણોને લઇને કદાચ મોડા પણ છપાય. તેવે વખતે લેખકે ઉતાવળા થઇને તેનો તે લેખ બીજે ક્યાંય છપાવતાં પહેલાં અમને ખબર આપવા કૃપા કરવી.

લેખો ચોક્ખા અક્ષરે, કાગળની એક જ બાજુએ અને શાહીથી લખેલા હોવા જોઇએ.

નામ અને સરનામાની પુરી માહીતી તથા પોસ્ટેજ નહિ મોકલ્યું હોય તો ન સ્વીકારાએલા લેખો પાછા મોકલવા અમે બંધાતા નથી.

જે અંકમાં લેખકના લેખ છપાયા હશે તે અંકની એક નકલ લેખકને મળશે.



તુલસીદાસને થએલાં રામદર્શન
(એક જુના ચિત્ર ઉપરથી)



પ્રાર્થના

રાગ
પ્રભાત

રાત વટી પરભાત પડે ને
મંગળ વાયુ વાયે રે;
ઝુંડેઝુંડ ઝકુંબી જાગે:
—ત્યાં તારો જશ ગાઉં રે.

મોર કળા કરી નાચે ઘેલો
ઢેલડ પાસ હલેતો રે;
ખેતર ખેડી હાલે બળદીઆ:
—ત્યાં તારો જશ ગાઉં રે.



ઘરઘર જનુની ઘંટી ફરે,
ધમધમ છાશું ઝેરે રે;
છાનો હાથ ફરે મુજ મોંએ:
—ત્યાં તારો જશ ગાઉં રે.

અંતરબા'ર બધે જીવનમાં
તારી યાદ જગાઉં રે
સારે નરસે શ્વાસે મારે
હું તારો જશ ગાઉં રે.



ગઈ કાલે થઈ ગએલી ભુલો પર આંસુ ઢાળવાં છોડી દો. 'આજ' હજી તમારી સામે ઉભી છે. આજે એવું કામ કરી નાખો કે જે ગઈ કાલની ભુલોને સુધારે અને આવતી કાલના વિજયનો માર્ગ મોકળો કરે.

આપણે આપણી જાતને અને આપણા દેશને બરોબર ઓળખવાને માટે ખુબ જ્ઞાન મેળવવું જોઈએ. અને તેને માટે માત્ર નીશાળમાં થતો અભ્યાસ પુરતો નથી જ. ત્યાં તો તમે ફક્ત વહેવાર પુરતું જ વાંચન, લેખન કે ગણિત શીખી લો છો. એ જ્ઞાન તો સાધન છે. એ જ્ઞાનમાંથી વધારેમાં વધારે લાભ ઉઠાવનાર તો તેઓ જ હોય છે કે જેઓ એ સાધન વડે પોતાની આસપાસની દુનીઆ વિષે, માણસો વિષે, વસ્તુઓ વિષે, જુદી જુદી રીતે જ્ઞાન મેળવી લે છે.

આવી જાતનું વિવિધ અનુભવોથી ભરેલું જ્ઞાન આપનારૂં એક માસિક હમેશાં પ્રજામાં ચાલુ રહે તો આખી પ્રજાને એક નવી પાઠશાળાની ગરજ સારી શકે. તેના વાંચનારાને પરીક્ષા આપવાની બીક તો હોય નહિ, એટલે તે બહુ ધીરજથી અને રસપૂર્વક વાંચે. જે વાંચે તે પર મનન અને ચર્ચા કરે, અને જરૂર પડે ત્યાં યાદ કરે. આવી રીતે પચાવેલું જ્ઞાન જીંદગીમાં ઉંચાં ફળ આપે છે, માણસનો વહેવાર સુખી અને આલ્હાદ કરી આપે છે અને તે વડે માણસ પોતાનું અને પરનું કલ્યાણ કરી જાય છે.

હું 'કુમાર'ની ખ્યાતિ જેટલી વધતી જોઉં છું તેટલી તેના ઘરાકોની સંખ્યા વધેલી જોતો નથી, તેથી મને બહુ નવાઇ લાગે છે. માણસોને એક ચીજ જ્યારે ગમતી હોય છે અને જરૂરની લાગે છે ત્યારે તેને માટે ખરચ કરતાં તે વાર નથી લગાડતો. પછી તે ખાવાની મીઠાઇ હોય, રમકડું હોય, કપડું હોય કે ઘરેણું હોય. પણ આ નિયમ જ્ઞાન મેળવવાનાં સાધનોને લાગુ પડતો દેખાતો નથી. લોકો જે સરળતાથી પાન બીડી કે ચહામાં ખરચી શકે છે તેથી અરધી પણ આતુરતાથી પોતાની જીંદગીમાં રસ આપનાર સાહિત્ય (પુસ્તકો ને ચોપાનીઆં) પાછળ પણ નથી ખરચી શકતા; તો પછી અભ્યાસનાં પુસ્તકોની તો ક્યાં વાત કરવી ?

❧

જેઓ 'કુમાર'ના અત્યાર સુધીના અંકો રજે રજ વાંચી ગયા હોય તેમને હું પુછી શકું કે આ માસિક તમને જરા પણ નવીન પ્રકારનું માનસિક વાતાવરણ આપતું લાગ્યું છે કે નહિ? તેની રચના પાછળ શુદ્ધ અને પ્રામાણિક પ્રયત્નો થતા લાગે છે કે નહિ ? અમે તમને નિખાલસપણે પુછીએ છીએ કે આ માસિક તમને ચિરંજીવ કરવા જેવું લાગે છે કે નહિ ? જો તમારૂં અંતઃકરણ હા કહેતું હોય તો તેને મદદ કરવા તમે થોડો પણ યત્ન ન કરો ?

❧

હું તમને બહુ કસોટીએ મુકવા નથી માગતો. તમે તમારી આસપાસના મંડળમાં નજર કરો, અને જે મિત્ર, સ્નેહી કે સગું સહેજે આ માસિકનું ઘરાક થઇ શકે તેમ હોય તેને તમારા અંકો બતાવી, વંચાવી, તમારા અભિપ્રાયના બળથી ઘરાક બનાવો. એવી રીતે દરેક વાંચનાર એકેક ઘરાક લાવી આપશે તો તેણે 'કુમાર'ને પગભર કરવામાં ઓછી મદદ કરી નહિ લેખાય.

❧

તમારી શાળાના મિત્રોમાંથી ઘણા એવા હશે કે જેમને રોજના એકથી ચાર આના ખરચી નાખવા એ રમત વાત લાગતી હશે. તેમને સમજાવી, એ ખર્ચમાંથી રોજનો એક જ પૈસો માત્ર બચાવીને આ માસિકના ઘરાક થવાનું કહો; અને જુઓ કે તે પોતાની ખીસાખર્ચીનો વધારે સારો ઉપયોગ કરતા થઇ જશે.

❧

'કુમાર'ના વાંચનારાઓ સાધારણ રીતે પહેલા બીજા ધોરણમાં બેસનારા હોતા નથી. છતાં 'કુમાર'માં એવા પ્રકારનું વાંચન આપવાના પ્રયત્નો થાય છે કે જુદી જુદી ઉમરનાંઓને જુદું જુદું મનભાવતું મળી શકે. જેને જેમાં રસ પડે તે વાંચે. વાંચનમાં કેટલીક વાતો એવી પણ આવે કે જે તરત ન સમજાય. પણ ફિકર નહિ. જે ઉમરમાં નહિ સમજાય તે બે દિવસ પછી

એની મેળે સરળ થઈ જશે. નીશાળમાં પણ એવી ઘણી યે બાબતો શીખવાય છે કે જે ખરે-ખરા રૂપમાં તો આપણને બહુ મોડી સમજાય છે. વાંચનમાં પણ બધું તરત જ સમજી લેવાનો આગ્રહ બહુ ન રાખવો.

તમે બહુ નાના હોવાથી મોટાં કે અઘરાં પુસ્તકો તમારાથી ન જ વંચાય, અમુક ધોરણ ભણ્યા પછી જ એ વંચાય એવા વિચારો કાઢી નાખજો. તમારા મનને રસ પડે એવું ગમે તે પુસ્તક તમે વાંચી શકો. વચમાં કઠણ કાંકરા જેવા શબ્દો આવે તો ગભરાતા નહિ. તમારા વાંચનના પ્રવાહમાં જ તેના અર્થો આપોઆપ સમજાતા જશે, અગર આસપાસના સંબંધથી તમે તેનો અર્થ સમજી શકશો.

જ્ઞાનની મઝા એવી છે કે તમે એક વાર ઘુંટ ભરી લો, એટલે પછી તેના અર્થમાંથી અર્થ આપોઆપ મનમાં પ્રગટ થતા જશે. ઘણી યે વાર એવું બને છે કે નીશાળમાં જે વિષયમાં એક વિદ્યાર્થી ઘણાં વર્ષો લગી ઠોઠ રહ્યો હોય છે તે જીંદગીના કોઈ પ્રસંગે તે જ વિષયના જ્ઞાન માટે દેશમાં પંકાઈ જાય છે.

સબુર !

એ શબ્દ બહુ અગત્યનો ને જાણી લેવા જેવો છે. માણસના જીંદગી આખીનો એ પહેરેગીર છે. તમે મિજાજ ખોઈ બેસો, તમને ગુસ્સો આવે ત્યારે તમારી જાતને એ પડકાર કરજો : સબુર !

અને પછી શાન્તિથી વિચાર કરજો કે તમે ગુસ્સે કેમ થયા? એક વિદ્વાન કહે છે કે 'જો કોઈ મોટા કારણમાંથી ક્રોધ ઉપજે છે તો તે આવેશ છે; જો નાના કારણમાંથી ઉપજે છે તો તે ખીજવાટ છે. અને તેથી તે કાં તો ભયંકર ને કાં તો મુર્ખાઈભરેલો હોય છે. તમે પુરી શાન્તિથી વિચાર કરજો; અને જરૂર તમે ભયંકર કે મુર્ખ બનતા રહી જશો.

બે અંગ્રેજ વેપારીઓનો એક દાખલો સમજવા જેવો છે. બન્ને જણ ચુસ્તરીતે નિયમિતતાનું પાલન કરનારા હતા. પહેલો વેપારી પોતાનો ઘરાક વાયદો ચુકી મોડો પડે તો મિજાજ ખોઈ, લડવા માંડે. તેથી કામ કામને ઠેકાણે રહે ને ગુસ્સાનું પરિણામ કંઈ ન આવે. પણ બીજો વેપારી સ્વસ્થતાથી વિચાર કરનારો હોઈ મોડા ઘરાકને શાન્તિથી કહી દે કે વાયદાનો વખત તમે ચુકયા, માટે હવે બીજો કોઈ વખત ઠરાવો. દરમ્યાન પોતે પોતાનું બીજું કામ કરી નાખે.

પહેલાએ નિયમિતતાને ખાતર પોતાના ગુસ્સામાં શકિત અને વખત બન્ને ખોયાં; જ્યારે બીજાએ નિયમિત રહેવા ઉપરાંત શાન્ત રહી પોતાનું કામ ઉકેલી નાખ્યું. અને વધુ જોવાનું તો એ છે કે દિવસને અંતે બીજો પહેલાના કરતાં ઓછો થાકેલો અને ખુશમિજાજ હોય છે.

મિજાજ ખોતી વખતનો આપણો દરેક ધડાકો આંતરડાંને ચીરી નાખે છે, તેથી તે બહુ શ્રમજનક છે.

ઘણીવાર બહારગામ વસતા તમારા કોઈ મિત્ર, સગા કે સંબંધી પર ક્રોધે ભરાઈ તમે આવેશથી કાગળ લખી નાખોછો. એવા કાગળ તમે જરૂર લખજો, પણ બીજા દિવસની સવાર સુધી તેને ટપાલમાં ન નાખતા. ચોકસ માનજો કે બીજે દિવસે સવારે ઉઠી એ કાગળ વાંચતાં તમને એટલો પસ્તાવો થશે કે તમે એ આપોઆપ બાળી નાખશો.

ક્રોધમાં બોલાએલો શબ્દ, ફેંકેલું બાણ કે એળે ગએલો વખત, એમાંથી કશું પાછું આવતું નથી.

ખાતરીથી માનજો કે ક્રોધ કાં તો ભયંકર છે કે કાં તો હાસ્યાસ્પદ છે. કાં તો તે તમને જંગલી બનાવે છે કે કાં તો મુર્ખ બનાવે છે. માટે તેને સદા કાબુમાં રાખવા મથજો. અને મિજાજ ખોવાનો પ્રસંગ આવે ત્યારે તમારી જાતને કહેજો કે 'સબુર.'

...પચાસ ત્રીસ વરસ ઉપર દક્ષિણ આફ્રિકામાં એક ભારે જગવિખ્યાત યુદ્ધ થએલું. આખું જગત એ યુદ્ધ જોઇ થંભી ગએલું.

પણ એ યુદ્ધ આજના કાપાકાપી ને દારૂગોળાથી ભરેલા યુદ્ધ જેવું ન હતું. એ તો સત્યનું યુદ્ધ હતું. અનેક હથીઆરોથી સજ્જ થએલી એક બળવાન સરકાર સામે એક નિર્દોષ પ્રજાનાં માણસો, બીનહથીઆરે નમ્રતાથી પોતાના હક માટે સત્યની લડાઇ લડી રહ્યાં હતાં.

એ અદ્ભુત લડાઇની હકીકત, એ લડાઇના સરદાર ખુદ પોતાને હાથે આજ લખી રહ્યા છે. 'નવજીવન'ના દર ગુરુવારના વધારામાં ગાંધીજી જે 'દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડત' લખે છે તે એ જ.

ગાંધીજી જેવા એ લડતના સરદાર, સાધારણ માણસને પણ સમજાય એવી સાદી, વેગવતી ને રસભરી ભાષામાં એ લડાઇનો ઇતિહાસ લખે તેમાંથી જે જ્ઞાન મળે તે બીજે ક્યાં મળે? 'કુમાર' ના એકેએક વાચકને ખાસ ભલામણ છે કે તે 'નવજીવન'માં આવતો એ ઇતિહાસ અક્ષરે અક્ષર ચાચુક વાંચે.

ગોસ્વામી તુલસીદાસ

ભરતખંડ સંત અને ભક્તની ભૂમિ છે. જ્યાં જ્યાં ભગવાન છે, જ્યાં જ્યાં ભાવ છે ત્યાં ત્યાં સંતો અને ભક્તો હોય જ. જ્ઞાની અને ભક્તમાં અમુક ભેદ છે. અખો જ્ઞાની ગણાય છે, મીરાં ભક્ત મનાય છે. તુલસીદાસજી મોટા-ભક્ત થઈ ગયા છે.

ભક્તમાં શ્રદ્ધા અને પ્રેરણાને લીધે કલ્પના અને દ્રષ્ટિ હોય છે; તેથી આપણે તેની જીંદગીમાં ચમત્કાર જોઈએ છીએ. તુલસીદાસજીના જીવનમાં પણ એવા ચમત્કારો બનેલા છે.

ભક્તના પણ પ્રકાર છે. કોઈ પરમાત્માને પ્રભુ તરીકે પૂજે છે, કોઇ સખા-મિત્ર-તરીકે માને છે, કોઈ પત્ની તરીકે ચાહે છે ને કોઈ દાસ બની ભજે છે. તુલસીએ શ્રીરામને દાસ ભાવે ભજેલા છે.

તુલસીદાસનું બનાવેલું રામાયણ લોકોમાં 'તુલસીકૃત રામાયણ' તરીકે જાણીતું છે. સંસ્કૃત રામાયણના મુળ રચનાર તો ઋષિ વાલ્મીકિ. તુલસીદાસે એ સંસ્કૃત રામાયણના ભાવ સ્વતંત્રપણે ઝીલી પોતાનું રામાયણ રચ્યું.

રામાયણ વીર અને કરુણ રસનું મહાકાવ્ય છે. એમાં દુષ્ટતા-દયા, યુદ્ધ-સંપ, વિગ્રહ-સુલેહ અને હાર-જીતનાં વર્ણનો છે; એમાં કુદરતના દેખાવોનું, આર્યોના સંસારનું, મનુષ્યના ધર્મોનું અને જીવનના ભાનનું સરસ દર્શન છે.

વાલ્મીકિ રામાયણને રૂપકમાં ઉતારી ઊંડા અર્થ કરી શકાય; પરંતુ તુલસી રામાયણમાં ભક્તહૃદયના જે ઉંચા ભાવો અને પ્રેમના ઉમળકા છે તે સઘળા આપણને પૃથ્વી ઉપર સ્વર્ગ રચી આપે છે. કેટલા યે લોકોને આ ભક્તિરસથી નીંગળતું રામાયણ વાંચતાં આંખોમાં આંસુની છાલકો આવે છે. રૂઢ અને સાદી હિન્દી ભાષામાં એ રચાએલું હોવાથી તે 'લોક રામાયણ' બની ગયું છે તથા ઘેરેઘેર કુટુંબોને વાંચવું સુગમ થઈ પડ્યું છે.

લોકોનાં હૈયાંમાં દેશના વીરનરોની અને જુના ઇતિહાસની મોટાઇ કવિતાની પ્રૌઢ વાણી વડે કોઈ પણ ભક્તકવિ ઉતારે તો તે દેશને અને તેની પ્રજાને ભાગ્યશાળી જાણવાં. આજના ઇતિહાસલેખકો કરતાં ભક્તકવિ તુલસીદાસ સો વસા ચઢીઆતા છે.

આવા લોકસંગ્રહના પ્રાણરૂપ ભક્તકવિ તુલસીદાસજીનું ટુંક જીવન અમે અહીં આપીએ છીએ.

જન્મ અને ઉછેર

તુલસીદાસજીનો જન્મ મઉ પરગણાના રાજાપુર ગામમાં સંવત ૧૫૮૯માં થયો હતો. રાજાપુરમાં હજીસુધી એમની ઝુંપડી હયાત છે. પોતે લખેલી કવિતાઓમાંથી એટલું પુરવાર થઈ શકે છે કે તેમને માતપિતાએ તજી દીધા હતા. કારણકે એમનો જન્મ અભૂક્ત મૂળ નક્ષત્રમાં થયો હતો. બાળક આ નક્ષત્રમાં જન્મે તો માબાપ ઉપર ભાર મનાય છે, તેથી ભયને લીધે માબાપે એમને છાંડેલા. તુલસીદાસ પોતાના 'વિનયપત્રિકા' નામના પુસ્તકમાં લખે છે કે

> 'માતુપિતા જગ જાઇ તજ્યો
> બિધિ હૂ ન લિખ્યો કછુ ભાલ ભલાઇ.'

'માતાપિતાએ તો મને જન્મ દઈને તજ્યો; તેમજ વિધિએ પણ કાંઈ સુખ લલાટે ન લખ્યું. ઘેર ઘેર રવડી ભિક્ષા માગી અને અંતે રઘુવર રામને શરણે ગયો.' નરહરિદાસ નામે કોઈ સાધુએ એમને રસ્તામાંથી ઉપાડી લીધા અને પાળીપોષી મોટા કર્યા. સાધુની સાથે એમણે ઘણાં યાત્રાનાં સ્થળોએ મુસાફરી કરી. પોતાના કુલગુરુ તુલસીરામની કનેથી પાંચ વરસની વયે એમણે રામકથા સાંભળેલી. બાળપણમાં જે કથા સાંભળી તે બધી મોટપણે એમણે કાવ્યમાં ઉતારી. તુલસીદાસનું મુળ નામ તો રામબોલા અથવા તુલારામ હતું. તુલારામ ઉપરથી એમના કુળગુરુએ એમને તુલસીદાસ નામ આપેલું જણાય છે.

કુળ અને કુટુંબ

તુલસીદાસ પારાશર ગોત્રના સરયૂપારીણ બ્રાહ્મણ હતા. એમના પિતાનું નામ આત્મારામ દુબે અને માતાનું નામ હુલસી. એ ચાર ભાઈ હતા. એ સિવાય એમને વિદ્યા અને વાણી કરીને બે બહેનો પણ હતી. કોઈ માને છે કે બબ્બે સ્ત્રીઓના મરણ પછી એમણે ત્રીજું લગ્ન કર્યું હતું. કોઈ એક જ લગ્ન કહે છે, અને કોઈ તો એમને બાળ બ્રહ્મચારી ધારે છે. તુલસીદાસ પરણીને ગૃહસ્થ થયા હતા એ તો ચોક્કસ છે. દીનબંધુ પાઠકની કન્યા રત્નાવળી સાથે એ પરણ્યા અને તેનાથી તારક નામે પુત્ર પણ થયો; પરંતુ એ બાળવયમાં જ મરણ પામેલો.

જીંદગી ફરી

રત્નાવળી ઉપર ઘણો પ્રેમભાવ હોવાથી તુલસીદાસ તેનો વિયોગ ખમી શકતા ન હતા. એક વખત રત્નાવળી પૂછ્યા વગર પીએર ગઈ હતી. તુલસીદાસ તરત જ એની પાછળ ગયા. તેઓ મળ્યાં ત્યારે પત્નીએ લાજ કાઢીને આ દોહરા પોતાના પતિદેવને કહ્યા:

> લાજ ન લાગત આપુ કો, દૌરે આયેહુ સાથ;
> ધિક્ ધિક્ ઐસે પ્રેમ કો, કહા કહહું મૈં નાથ?
> અસ્થિ-ચરમ-મય દેહ મમ, તામેં જૈસી પ્રીતિ,
> તૈસી જો શ્રીરામ મહં હોત ન તૌ ભવભીતિ.

'સાથોસાથ પાછળ દોડી આવ્યા તે તમને શરમ ન આવી? હે નાથ, હું તમને શું કહું? આવા પ્રેમને ધિક્કાર છે. મારો દેહ તો હાડચામનો છે. તેમાં તમને જેવી લગની છે તેવી જો શ્રીરામમાં હોત તો તમારો જન્મમરણનો ભય ટળી જાત.' આ વચન સાંભળી તુલસીદાસનાં અંતરચક્ષુ ઉઘડી ગયાં અને તેને ખરો વૈરાગ્ય પ્રગટ્યો. સ્ત્રીએ આવડી અસર કરવા ધારી નહોતી. બહુ સમજાવ્યા છતાં એ ત્યાંથી ચાલી નીકળ્યા. કુટુંબ, કુળ, નાત ને ગામના સંબંધો છોડી એ રામના ભક્ત બન્યા અને રમતારામનું જીવન ગાળવા લાગ્યા.

વૃદ્ધાવસ્થામાં પોતાના પર્યટનમાં એકવાર ગોસ્વામી સસરાને ઘેર જઈ ચડેલા. વૃદ્ધ થએલી રત્નાવળી એમને ઓળખીને સેવામાં રહેલી; પરંતુ તુલસીદાસજીએ ચરણ ધોવા ન દીધેલા, તેમજ દીવા માટે તેનું કપુર સરખું પણ ન લીધેલું. રત્નાવળીએ સાચી વાત કરી અને રામભજન કરી પોતાને સાથે લેવા તુલસીદાસજીને વિનતિ કીધેલી, પણ તે એકના બે ન થતાં ત્યાંથી ચાલ્યા ગએલા.

રામદર્શન

ઘેરથી નીકળી તુલસીદાસજી કાશીમાં જઈ રહ્યા. એમને તો હવે બસ 'રામ'ની લગની લાગી હતી. એમને રામદર્શન કેમ થયાં તે વિષે નીચેની વાત છે.

ગોસાંઈજીને કાશીમાં શૌચને માટે બહુ દૂર જવાની ટેવ હતી. ત્યાંથી વળતાં તે બાકીનું પાણી હમેશાં એક ઝાડ ઉપર ઢોળી દેતા હતા. તે ઝાડમાં એક

પ્રેત રહેતો. તેણે આ જળપાનથી તૃપ્ત થઈને ગોસાંઈજીને કંઈ માગવાનું કહ્યું. આ સાંભળી તેમણે રામચંદ્રજીનાં દર્શન કરાવવાનું માગ્યું. બીચારા પ્રેતે જવાબ દીધો કે એટલી તો મારી ગુંજાસ નથી, પણ એનો ઉપાય હું બતાવું. પેલા મન્દિરમાં રામાયણની કથા થાય છે, ત્યાં એક ઘણો જ ગંદો અને કદરૂપો ઘરડો કોઢીઓ કથા સાંભળવા આવે છે. તે સૌની પહેલાં આવે છે અને સૌની પાછળ જાય છે. તે કોઢીઆના સ્વરૂપમાં સાક્ષાત હનુમાનજી જ છે. તેનાં ચરણ પકડી તમે રામદર્શન કરાવવા વીનવજો. એ સિવાય બીજો રસ્તો નથી.



તુલસીદાસજીએ આ પ્રમાણે કર્યું. રામકથા પુરી થયે સૌ ચાલ્યા ગયા પછી પેલો ઘરડો કોઢીઓ જતો હતો ત્યાં એકાંતમાં તેના પગ પકડી લીધા. કોઢીઆના સ્વરૂપમાં રહેલા હનુમાનજીએ છુટવાનાં અનેક બહાનાં કાઢયાં પણ ગોસાંઈજી તેમને છોડે તેમ ન હતા. આખરે હનુમાનજીએ કહ્યું કે તમે ચિત્રકુટ પર્વત ઉપર જાઓ; ત્યાં જરૂર રામદર્શન થશે.

ગોસ્વામીજી પરમ પ્રસન્ન થઈ ચિત્રકુટ આવ્યા. એક દિવસ વનમાં ફરતા હતા ત્યાં તેમણે જોયું કે એક હરણની પાછળ પરમ મનોહર શ્યામ અને ગોર બે રાજકુમારો હાથમાં ધનુષ્યબાણ લઈને જતા હતા. તે તો આ જોઈને ચકિત થયા અને તેમના હૃદયમાં એ શ્યામમૂર્તિ વસી ગઈ. પરંતુ આ જ સાક્ષાત રામ લક્ષ્મણ છે એમ તે કળી શકયા નહિ. હનુમાનજીએ આવીને તેમને પુછ્યું કે કેમ, કાંઈ જોયું? ત્યારે તુલસીદાસે કહ્યું કે બે મનોહર રાજકુંવર અશ્વ ઉપર જતા જોયા. હનુમાનજીએ કહ્યું કે એ જ રામ લક્ષ્મણ હતા. ગોસાંઈજીએ કહ્યું કે ત્યારે તો મેં લાગ ખોયો ને? આમ નહિ; મારે તો સમીપમાં રહીને દર્શન કરવાં છે. 'ફરી એક વેળા દર્શન થશે' એટલું બોલીને હનુમાનજી અંતરધાન થયા.

તિલક કરે રઘુવીર

હવે તુલસીદાસજી રામદર્શનની આશામાં ચિત્રકુટ ઉપર જ રોકાઈ ગયા. એક દિવસે એ ભગવાનને માટે ચંદન ઘસતા હતા. ઘસતાં ઘસતાં એમના હૃદયમાં પ્રેમનો એટલો આવેશ આવ્યો કે તે રોવા લાગ્યા. ત્યારે ભગવાન આઠ નવ વરસના બાળકનું રૂપ ધરીને તેમની આગળ આવ્યા અને નમન કરી પાસે બેસી ગયા. તુલસીદાસજી આ બાળસ્વરૂપ જોઈને મોહિત થઈ ગયા, પરંતુ વ્યાકુળતાને લીધે આ વેળા પણ ઓળખી શકયા નહિ કે એ જ પ્રભુ છે. બાળ ભગવાન બોલ્યા, 'બાબાજી! તમને મારે હાથે ચંદન અર્ચું?' આટલું કહીને ભગવાને તુલસીદાસજીને ચંદન ચોપડવા માંડયું. આ વેળા હનુમાનજીએ વિચાર કર્યો કે આ અમુલ્ય સમય પણ ચાલ્યો જાય છે. હવે આજે તો તુલસીદાસને ચેતવવા જોઈએ. એમ વિચારી પોતે પોપટનું રૂપ ધરીને નજીકના ઝાડ ઉપર બેઠા અને બોલ્યા:

> ચિત્રકૂટકે ઘાટ પર, ભઇ સંતનકી ભીર;
> તુલસીદાસ ચંદન ઘિસેં, તિલક કરે રઘુવીર.

તુલસીદાસ આ સાંભળી કળી ગયા અને પૂર્ણ પ્રેમભાવે પ્રભુનાં દર્શન કર્યા.

રહેઠાણ

અયોધ્યા અને કાશી તુલસીદાસનાં ખાસ રહેઠાણનાં ગામ હતાં; પરંતુ એમણે મથુરા, વૃન્દાવન, કુરુક્ષેત્ર,પ્રયાગ અને પુરી સુધી યાત્રાઓ કરી હતી. ગોસાંઈ તુલસીદાસજીએ કાશીમાં વાસ કર્યાનાં ચાર સ્થળ છે. ગંગા નદીના કાંઠાનો ગોસ્વામીનો ઘાટ તો પ્રસિદ્ધ છે. અહીં તેમણે હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરી છે અને તે

'હનુમાન ફાટક'ના નામથી ઓળખાય છે. ત્યાં એક ગુફા પણ છે. તુલસીદાસજીએ અહીં જ પ્રાણ છોડ્યો હતો. બીજું સ્થાન ગોપાલમન્દિર. ત્યાં ગોસ્વામીની બેઠક છે. મુસલમાનોના ઉપદ્રવને લીધે હનુમાન ફાટકથી તે અહીં રહેવા આવેલા. ત્રીજું પ્રહ્લાદઘાટ અને ચોથું સંકટમોચન હનુમાન. એ ચોથા સ્થાનકની મોટાઈ વધારવા એમણે 'સંકટમોચન' નામનો ગ્રંથ લખ્યો છે એવું અનુમાન થાય છે. કાશીમાં તેમણે રામલીલા અને કૃષ્ણલીલા કરાવવી શરૂ કરી હતી જે હજી સુધી ત્યાં ભજવાય છે.

મિત્ર ટોડર

ટોડર કરીને કાશીમાં ચાર ગામનો એક જમીનદાર હતો. તે રામનો ભક્ત ને તુલસીનો મિત્ર હતો. એના મરણ પછી કુટુંબમાં કંઈક ઝગડો થએલો તેમાં તુલસીદાસજી પંચ તરીકે હતા. જીંદગીભર એમણે રામ સિવાય કોઈનું કાવ્ય બનાવ્યું નથી; પણ આ ટોડરને માટે એમણે ચાર કડીઓ લખી છે. એમાંની બે આ પ્રમાણે છે:

ચાર ગાંવકો ઠાકુરો, મનકો મહા મહીપ;
તુલસી યા કલિકાલમેં અથ એ ટોડર દીપ.
તુલસી રામ-સનેહ કો સિર પર ભારી ભાર;
ટોડર કાંધા ના દિયો, સબ કહિ રહે ઉતાર.

'મનના મોટા રાજા ટોડર ચાર ગામનો ઠાકોર છે. આ કળજુગનો દીવો ટોડર છે. તુલસીએ પોતાના માથા ઉપર રામ-પ્રેમનો મોટો ભાર ભર્યો છે. ટોડરે પણ ટેકો ન દીધો. સૌ કહે છે કે તું જ એકલો એ ભાર ઉતાર.'

વિધિનું ચક્ર

આ ઉપરાંત વઝીર ખાનખાના, મહારાજા માનસિંહ, મધુસૂદન સરસ્વતી વગેરે મોટા માણસો પણ ગોસાંઈજીના મિત્રો હતા. તેઓ ઘણીવાર તુલસીદાસજીને દર્શને જતા. એક સમયે કોઈએ તુલસીદાસજીને કહ્યું કે પહેલાં તો તમારી પાસે કોઈ ન આવતું, ને હવે મોટા મોટા માણસો આવે છે એ શું? એમણે જવાબ વાળ્યો કે

ઘરઘર માંગે ટૂક, પુનિ ભૂપતિ પૂજે પાય;
તે તુલસી તબ રામ બિનુ, યે અબ રામ સહાય.

'જે તુલસી ઘેરઘેર ટુકડા ભીખતો તે રામ વિનાનો હતો; પરંતુ જે તુલસીના હવે રાજાઓ પગ પુજે છે તે રામ વાળો છે.'

ભક્તિનો મહિમા

તુલસીદાસજી પહેલાં રામાનંદપંથી સ્માર્ત વૈષ્ણવ હતા. તે શંકરાચાર્યના અદ્વૈત જ્ઞાનથી પણ માહીતગાર હતા. છતાં એમની ભક્તિ તો રઘુકુલનંદન શ્રીરામમાં જ ઢળી હતી. એ આકાર વિનાના પ્રભુને ન માનતા; શરીરધારી ઈશ્વરને ભજતા. 'વિનયપત્રિકા'માં જુદાજુદા દેવોની સ્તુતિઓ કરતાં છેવટે તો એ માત્ર રામભક્તિનો વર જ માગે છે. ભક્તિનો મહિમા ગાતાં એ કહે છે કે ભક્તિ વિનાનો જ્ઞાની હશે અને તેને મોક્ષ મળ્યો હશે તોપણ તે સ્થિર ટકશે નહિ. ભક્તિથી મોક્ષ મળે છે, પણ ભક્તિ માત્ર મોક્ષનું સાધન નથી.

'રામ ભગતિ સોઇ મુકુતિ ગોસાંઇ'

'હે ગોસાંઈ, રામભક્તિ પોતે જ મુક્તિ છે.' ભક્તને તો ઈશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની છે.

ભક્તકવિ

તુલસીદાસજીના બરોબરીઆ હિન્દી કવિ એક સૂરદાસ અને બીજા દેવ છે. તુલસીદાસજીએ છ મોટા અને છ નાના ગ્રંથો લખેલા છે. મોટા ગ્રંથોમાં 'રામચરિત માનસ' અને 'વિનયપત્રિકા' તથા નાના ગ્રંથોમાં 'જાનકીમંગલ', 'રામસતસઇ' વગેરે છે. તુલસીદાસજીએ રામાયણ જુદાજુદા વૃત્તોમાં લખી છે: જેવી કે છપ્પય રામાયણ, રોળા રામાયણ, ઝુલણા રામાયણ, કુંડલીઆ રામાયણ અને કડવા રામાયણ. એમની એક પણ કવિતા રામના ગુણગાન વગરની નથી. આખી જીંદગી સુધી રામજપ કરનાર એ કેવા મહાન ભક્ત હશે! તુલસીદાસજીને બીક હતી કે મારી કવિતાના ટીકાકારો મારી હાંસી કરશે; તેથી તેમણે વિનતિ કરી છે કે તેઓએ બીજા સઘળા તર્ક છોડીને માત્ર કથા સાંભળવામાં જ મન રાખવું.

રામચરિત માનસ

આપણે જેને તુલસીકૃત રામાયણ તરીકે ઓળખીએ છીએ તે જ આ રામચરિત માનસ. રામચરિત્ર એ મોટું માનસરોવર છે એમ માનીને તુલસીદાસજીએ

એના સાત ભાગ પાડ્યા. તે દરેક ભાગને 'સોપાન' નામ આપ્યું. સોપાન એટલે પગથિયું. આપણે એ દરેક સોપાનને 'કાંડ' કહીએ છીએ. તેમાં સૌથી 'બાલકાંડ' ઉત્તમ છે. ગોસાંઇજીએ રામચરિત માનસ પોતાના અંતઃકરણની પ્રસન્નતા ખાતર રચ્યું છે. એ છસો પાનાનો મોટો ગ્રંથ છે. તેમાં આઠ આઠ ચોપાઇઓ પછી એક દોહો અથવા બીજો કોઈ છંદ આવે છે. ચોપાઇ તો તુલસીદાસની જ. 'ચોપાઈ તુલસીદાસકી' એ પદ લોકોમાં પ્રચલિત છે. દરેક કાંડની શરૂઆતમાં અનેક દેવની સંસ્કૃત શ્લોકમાં કે છંદમાં સ્તુતિ કરેલી છે. રામચરિત માનસનું પ્રથમ શુદ્ધ સંસ્કરણ ડૉ. ગ્રીઅર્સને કર્યું. તુલસીદાસને હાથે લખાએલી રામાયણની માત્ર બે પ્રત હતી; જેમાંની એક કાશીમાં ને બીજી રાજાપુરમાં હતી. કાશીની પ્રત હાલ મળતી નથી. રાજાપુરની પ્રતમાં સાતે કાંડ હતા. તેને કોઇ ચોર ચોરી જતો હતો. જ્યારે એ પકડાવાની અણી પર હતો, ત્યારે તેણે એ પ્રતને જમના નદીમાં ફેંકી દીધી. તેમાંથી માત્ર એક અયોધ્યા કાંડ બચી શક્યો છે. તુલસીદાસે ૪૩ વરસની ઉમરે રામાયણ લખવાનું આદરેલું. ડૉ. ગ્રીઅર્સન લખે છે કે 'અંગ્રેજોમાં બાઇબલ છે તેના કરતાંયે વધુ હિન્દુ લોકોમાં રામાયણ પ્રસરેલું દેખાય છે. તુલસીદાસજીએ રામાયણમાં ગ્રામ્ય બાષાના શબ્દો એવા તો ઉચિત અને સરસ અર્થમાં વાપર્યા છે કે એની બાષા એ હૃદયની બાષા બની ગઇ છે.'

પ્રસાદ

विपत्तिषु अव्यथो दक्षो
नित्यं उत्थानवान् नरः ।
अप्रमत्तो विनीतात्मा
नित्यं भद्राणि पश्यति ॥

જે માણસ સંકટકાળે વ્યાકુળ થતો નથી, જે સદા સાવધાન તથા ઉત્સાહી હોય છે, જે પ્રમાદરહિત હોય છે, અને જેનું મન સારી રીતે કેળવાએલું છે, તે માણસ હમેશાં કલ્યાણપરંપરા અનુભવે છે.

વિનયપત્રિકા

વિનયપત્રિકા કેમ લખાઇ તે વિષે એવી લોકકથા છે કે એક દિવસ એક ખુની યાત્રાળુએ આવી પુકાર નાખ્યો, 'રામનામની ખાતર આ ખુનીને કોઈ ખાવા આપો.' તુલસીદાસ પોતાના ઇષ્ટદેવનું નામ સાંભળી બહાર આવ્યા. તેને ઘરમાં તેડી ગયા, પ્રસાદ આપ્યો અને કીધું કે તું પાપમુકત થયો છે. કાશીના બ્રાહ્મણોએ વાંધો લીધો કે ખુનીનું પાપ એમ કેમ છુટે? તુલસીદાસે જણાવ્યું કે હૃદયના ખરા પશ્ચાત્તાપથી એમ થઇ શકે. બ્રાહ્મણો ન માન્યા. આખરે એવો ઠરાવ થયો કે જો શંકરનો પોઠીઓ ખુનીના હાથમાંથી ઘાસ ખાય તો તેને પાપમુકત ગણવો. અને ખરે જ આમ થયું! તુલસીદાસે આ દાખલાથી પુરવાર કરી બતાવ્યું કે પ્રભુ પશ્ચાત્તાપથી મોટા પાપીને પણ તારે છે. આને પરિણામે કળજુગ ખુબ ખીજાયો. તેણે તુલસીદાસને ધમકી આપી કે આમ જો પાપીઓને તારીશ અને પુણ્ય વધારીશ તો તને ગળી જઇશ. ગોસાંઇજીએ આ બધી વાત હનુમાનજીને કહી. હનુમાને રામની હજુરમાં અરજી કરવા સલાહ દીધી. તે પરથી તુલસીદાસે 'વિનયપત્રિકા' લખી. એમાં ૨૮૦ પદ છે. આ પદોમાં અનેક દેવની સ્તુતિઓ અને પોતાનું દુઃખી જીવન ગાયું છે. છેલ્લા પદમાં એમણે લખ્યું કે આ અરજી રામચંદ્રજી સહી કરી મંજુર કરે. કહેવાય છે કે એ વિનયપત્રિકાને કાશીવિશ્વનાથના મંદિરમાં મુકી હતી ત્યાં વિશ્વનાથજીએ જાતે એના ઉપર સહી કરી દીધી હતી!

ચોરને દંડ

એક રાતે તુલસીદાસની ઝુંપડીમાં ચોર ચોરી કરવા આવ્યા. પરંતુ એક શ્યામસુંદર બાળકને ધનુષ્યબાણ ધરીને પહેરો ભરતો જોઇને તેઓ નાસી ગયા. બીજી રાતે પણ ચોર લોકોને એવો જ અનુભવ થયો. સવારે તેઓએ તુલસીદાસને આ બાબત પુછી. એ તો મનમાં પામી ગયા કે એ શ્રીરામ જ હોવા જોઇએ. પણ પોતાને ખાતર પ્રભુ આટલું કષ્ટ ઉઠાવે એ તેમને ડંખ્યું. તેથી તેમણે ચોરોને પોતાનું સર્વસ્વ દઈ દીધું.

ચોર લોકો તો આ વાત જાણીને રામના ભક્ત બની રહ્યા.

જીવનદાન

એક વાર કોઈ બ્રાહ્મણ મરી ગએલો હોવાથી તેની સ્ત્રી સતી થવા જતી હતી. રસ્તામાં ગોસાંઈજીને જોઇ તેણે નમસ્કાર કર્યા. ગોસાંઈજીએ આશીષ આપી, 'સૌભાગ્યવતી હો.' લોકોએ કહ્યું કે એનો પતિ તો હમણાં જ મૃત્યુ પામ્યો છે! તુલસીદાસજીએ જણાવ્યું કે હું પાછો વળું ત્યાં સુધી એને બાળશો નહિ. આમ કહી તે ગંગાકાંઠે સ્નાન કરવા ગયા. ત્યાં તેમણે ત્રણ દિવસ સુધી ભગવાનની સ્તુતિ કરી; અને પાછા વળી એમણે બ્રાહ્મણનું શબ સજીવન કર્યું!

ચમત્કાર!

આ વાત બાદશાહને કાને પહોંચી. તેણે ગોસાંઇને બોલાવી મંગાવ્યા અને કોઇ પરચો બતાવવા કહ્યું. તુલસીદાસે જણાવ્યું કે હું તો રામનામ સીવાય કશું જાણતો નથી. બાદશાહે ધમકી દીધી કે જ્યાં સુધી ચમત્કાર બતાવશો નહિ ત્યાં સુધી તમને છોડીશ નહિ. તુલસીદાસે હનુમાનજીની પ્રાર્થના કરી. હનુમાનજી વાનરની સેના લઈ કોટ ઉપર ચડ્યા અને બાદશાહને એટલો રંજાડ્યો કે એ ગોસાંઇજીને પગે પડયો અને બચાવ કરવા આજીજી કરી. ફરી તુલસીદાસે પ્રાર્થના કરી તેથી વાનરસૈન્ય પાછું વળ્યું. બાદશાહે આ ચમત્કાર જોઇને તેમને છોડયા.

ભક્તાધીન ભગવાન

એકવાર દિલ્હીથી ગોસાંઇજી વૃન્દાવન ગએલા. ત્યાં મદનગોપાલની હવેલીમાં દર્શને ગયા. પણ ત્યાં કૃષ્ણમૂર્તિનાં દર્શન થવાથી આ દોહરો બોલ્યા:

કા બરનઉં છબિ આજકી, ભલે બિરાજેહુ નાથ;
તુલસી મસ્તક તબ નમે, ધનુષબાન લેહુ હાથ.

કહે છે કે કૃષ્ણમૂર્તિએ તરત ધનુષ્યબાણ ધરીને તુલસીદાસને રામચંદ્રના રૂપમાં દર્શન દીધાં!

મંગરુની મહેમાનગતી

એક સમે ગોસાંઇજી ગાયઘાટના રાજા ગંભીરદેવનું આતિથ્ય સ્વીકારી બ્રહ્મેશ્વરનાં દર્શન કરવા કાંત નામના ગામે આવ્યા. અહીં એમને કાંઈ ખાવાનું મળ્યું નહિ. ત્યાંના લોકોનો રાક્ષસી સ્વભાવ જાણ્યા છતાં એ આગળ જવા લાગ્યા. રસ્તામાં મંગરુ નામે એક આહીર મળ્યો. મંગરુ પોતાની ગૌશાળામાં સાધુસંતોને આશ્રય આપતો. ગોસાંઇજીને તે પોતાને ત્યાં તેડી ગયો અને થોડું દુધ દીધું. ગોસાંઇજી મંગરુ ઉપર પ્રસન્ન થયા અને કહ્યું કે 'વર' માગ. મંગરુએ માગ્યું કે પ્રભુમાં મારો દૃઢ વિશ્વાસ બેસે અને મારો વંશવેલો વધે. ગોસાંઇજીએ કહ્યું કે તમે આહીરો તો લુંટફાટ કરનારી જાત છો. પરંતુ તું એ ધંધો છોડી દઇને કદિ ચોરી-ચખારી નહિ કરે અને કોઇને દુઃખ નહિ દે તો મારું વરદાન ફળશે. શાહાબાદ જીલ્લામાં આ વાત પ્રસિદ્ધ છે. મંગરુના કુળમાં હજી કોઈ ચોરી કરતું નથી. અહીંથી ગોસાંઇજી બેલાપત્તૌત ગયા. આ ગામનું નામ સારું ન હોવાથી તુલસીદાસજીએ રઘુનાથપુર રાખવા સુચવ્યું, કે જેથી માણસો અજાણતાં પણ રામનું નામ લે. એ રઘુનાથપુર હજી પ્રસિદ્ધ સ્થળ છે.

સ્વભાવ

સીતા અને કૌશલ્યા જેવાં સર્વોત્તમ સ્ત્રીપાત્રો સરજાવ્યા છતાં સ્ત્રીજાત માટે તુલસીદાસજીને સારો મત હતો નહિ. એનું એક કારણ એ હોય કે એમને માતાનું વાત્સલ્ય મળેલું નહોતું. એમનો સ્વભાવ અત્યંત સરળ, શાન્ત, ગંભીર અને નમ્ર હતો. સદાચારની તો એ સાક્ષાત મૂર્તિ! એમના હૃદયમાં કે કાવ્યમાં ક્યાંય કુભાવ નથી. દરેક મનુષ્યને માટે એમના મનમાં દાઝ હતી.

મહામારી અને મૃત્યુ

ઇ. સ. ૧૬૧૬માં ભરતખંડમાં પ્લેગ આવ્યો અને પુરાં આઠ વરસ ચાલ્યો. તુલસીદાસજીને આ રોગ થએલો; કારણકે 'હનુમાન બાહુક' ગ્રંથમાં આ મહામારીનું વર્ણન કર્યું છે. ત્યાર પછી ગોસાંઇજીનું આરોગ્ય નબળું પડ્યું, વાયુનું દર્દ જાગ્યું, હાથપગમાં પીડા ઉપડી અને તાવ આવવા લાગ્યો.

અંતે કાશીકાંઠે સંવત ૧૬૭૯ ના શ્રાવણ સુદ સાતમને દિને ગોસ્વામી તુલસીદાસજીએ દેહ મુકયો. હમણાં જ એમની ૩૦૦મી સંવત્સરી ગઇ.

પ્રણામ હો તે પરમ ભક્તને.



ઉનાળો

આવ્યો ઉનાળો ધમધમતો.

વસંત મદભર છકમાં નાચી,
વિધવિધ રંગે ફુલીફાલી,
વન ઉપવન જંગલમાં રાચી
હીંડોળે ઝુલંતી ચાલી;
ત્યાં તો રાતોતાતો થાતો
આવ્યો ઉનાળો ધમધમતો.

લીલી લીલી મંજરીઓની
કરમાણી સુકોમળ કાયા,
કેસરભરીઆં કેસુડાં યે
ખરી પડીને ભોંય છવાયાં;
ખટરસ-મીઠે ફળ લુમઝુમતો
આવ્યો ઉનાળો ધમધમતો.

મીઠાં મંદ પવન, શીતળ જળ,
મીઠાં ચંદન, હોજ, ફુઆરા,
મીઠાં ફળ ને મધુરાં ફુલડાં,
મીઠી ચંદાની રસધારા;
મીઠી કુંજ નિકુંજે રમતો
આવ્યો ઉનાળો ધમધમતો.

ધરતીને ખુબ તાવી તાવી
સુંદર મોંઘા રસકસ ધરતો,
સાગરનાં જળ શોષી શોષી
વાદળના ભંડારો ભરતો;
વંટોળાથી આભે રમતો
આવ્યો ઉનાળો ધમધમતો.

બભક વસંતી પ્રૌઢ બનીને
ઘેરે રંગે રહી વિરાજી,
ઘેરાં ઉપવન, પંખી-કલરવ,
ઘેરી કોયલડી રહી ગાજી;
ઘેરો સુરજ ઉગી નમતો
આવ્યો ઉનાળો ધમધમતો.

સુકાં રણ ને સુકા વગડા,
સુકાં નાનાં નદી—નિર્ઝરણાં,
સુકે ડુંગર દવના ભડકા,
દોડે મૃગજળ દેખી હરણાં;
કપોત નિર્જનમાં ઘુઘવતો,
આવ્યો ઉનાળો ધમધમતો.

શ્રમજીવીનો સંગાથી થઈ
લાંબી દિનચર્યામાં ફરતો,
ધનવાનોને ઉપાડી જઈ
પહાડની ચોટી પર ધરતો;
ગરીબની ઝુંપડીએ ભમતો
આવ્યો ઉનાળો ધમધમતો.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ.



ટુકા જાતિના સરદારના તંબુમાં ગવૈયાઓ ગાન-તાનમાં બેઠા હતા. સરદાર મેહદુમ કુલી ફક્કડ ચીજ સાંભળવામાં મશગુલ થયો હતો. ટુકા ટોળીના લડવૈયાઓ તેની આજુબાજુ ગોળ કુંડાળામાં ગોઠવાયા હતા.

મેહદુમ કુલી તરફ તેઓનો બહુ ચાહ નહોતો. તેના બાપને તેઓ 'રામ' કહી બોલાવતા. રામ એટલે મહાન યોદ્ધો. મેહદુમ કુલી પોતાના બાપને પગલે ન ચાલતાં તદ્દન જુદે રસ્તે વળ્યો હતો. લડાઇની તેને કશી પડી નહોતી. તે નામર્દ હતો એમ નહિ. તે અતિશય બહાદુર ને સખી દિલનો હતો. પણ લડાઇ કરતાં શાન્તિ તેને વધુ ગમતી. યુદ્ધોની કારમી ચીસો કરતાં ગવૈયાઓનાં ગાયનો તે પસંદ કરતો. વળી એ જુવાન હતો તેથી નિર્દોષ રમતોમાં અને મિજલસોમાં મજાહ લુંટતો.

લડવૈયાઓનાં દિલ આ કારણને લીધે બળી રહ્યાં હતાં. તેઓ પોતાના જુવાન સરદારને સાચી રીતે પીછાની ન શકયા. સઘળા તેને ડરપોક માનતા અને અંદર અંદર વાતો કરતા કે આપણી ટુકા ટોળીની નામના આના બાપની જોડે જ ઘોરમાં દટાઈ પરવારી.

ગાણું થોડીવાર બંધ પડયું. આ લાગ જોઈ કરચલીઓવાળો, પળીઆં આવેલ એવો બુઢ્ઢોખખ એક લડવૈયો બેઠો થયો અને કુરનસ બજાવી પોતાનું દિલ ખોલી બોલ્યોઃ

'બહાદુર સરદાર રામના ઓ જવાન ફરજંદ ! આ જઇફના બે સખુન સાંભળ અને દાના આદમીઓની સલાહ માન. ટુકા ટોળીના જવાં મર્દો તો મયદાને જંગમાં સનસનાટી કરતાં તીરોના વરસાદ અને ભાલાના ચમકાટની વીજળી વચ્ચે ખેલનારા છે. આવી શુરી કોમનો, ઓ મહેદુમ કુલી, તું સરદાર છે. કયાં છે તારાં હથીઆર ને બખ્તર, ને કયાં છે તેં જીતેલા જંગોની નામના ? આથી જ તો ઇરાનીઓ બહાદુર ટુકા ટોળીની મજાક ઉડાવે છે. મહેદુમ ! ઉઠ, અને આ બદનામીમાંથી તારી કોમને બચાવ. દુશ્મનો પણ એમ ન કહે કે ટુકા સરદાર નામર્દ છે, કે મોતથી બીએ છે. લાયક બાપના લાયક બેટા તરીકે તારી જાતને તું પુરવાર કર.'

મેહદુમ કુલી આ ઘરડા સીપાઇને જવાબ દેવા ગાદીતકીએ ટટ્ટાર થયો. તેણે કહ્યું કે 'ખુદાની આ ખલકમાં સૌકોઇને પોતપોતાનું કામ સોંપાઈ ગયું છે. શું તીરકામઠું દરરોજ ચઢાવેલું તૈયાર જ જોઇએ ? શું ટુકા લડવૈયાઓએ પણ ક્યારેક જોર જમાવવા ખાતર આરામની ઘડી ન ઢુંઢવી ? મારા બાપ લડાઇને લાયક શખ્સ હતા; મને સુલેહસંપ ગમે છે. મારા તંબુમાં મને અક્કલમંદ આદમીઓ જોઇએ છે. આપણા ઉસ્તાદો કુદરતની કરામતોનાં અને ખુબસુરત પરીઓનાં ગાયનો ગાય તે સાંભળવાનો મને શોખ છે. ખુનો અને કત્લો કરતાં આ ચીજ બુરી છે શું ?'

પણ મેહદુમ કુલીની મહેનત—દલીલ—બરબાદ ગઇ. એ પોતાનાં માણસોને કબુલ કરાવી ન શકયો કે લડાઇના કરતાં સુલેહના ફાયદાઓ ઓછા ન હોય.

સરદારનાં સખુન સાંભળી લડવૈયાઓને ખીજવાટ છુટયો. તેઓ બડબડયાઃ 'કાયર ! કામનો ચોર ! પથરાઓ પરથી ચાલ્યા જતા પાણીના રેલા જેવા એના બોલ ઉપરછલ્લા છે.'



અને ખરે જ, નામર્દ ઠરેલા માણસ માટે મોતની સજા દેવાનો એ જાતિમાં રીવાજ હતો જ્યારે સરદારે પોતાનો આ ઇરાદો પોતાની કોમ આગળ રજુ કર્યો ત્યારે તેઓએ ભારે ખુશાલીથી તેને મુબારકબાદી દીધી.

ઘોડેસવાર થઈ મેહદુમ પોતાની સામે લડે એવો સમોવડીઓ દુશ્મન શોધવા નીકળ્યો. મુળે એ કજીઆખોર નહિ, એટલે એને દુશ્મન તો ક્યાંથી જ હોય? છેવટે મહા મુશીબતે તેને એક હરીફ મળ્યો. તેનું નામ અદીન હતું. એ બહાદુર હતો, પણ મેહદુમ કુલી તેને ટક્કર મારે તેવો જબરો હતો. ટુકા સરદારે લડાઈમાં અદીનને હરાવ્યો, બાંધ્યો અને કેદી કરી પોતાના પડાવ તરફ લઈ ચાલ્યો.

ટુકા જાતની વાઘણ ગણાતી એની માએ પણ તેને આ બાબત ઠપકો દીધો.

મેહદુમ કુલીને એકલો છોડી લડવૈયાઓની ટુકડી ઉપડી ગઇ. સઘળા લોક પોતાને નામર્દ લેખે છે એ જાણી તેના અફસોસ ને પરેશાનીનો પાર ન રહ્યો. મનમાં ને મનમાં એ ગણગણ્યો, 'મારે મારેની આ જુઠ્ઠી ગેરસમજ મારે અટકાવવી જોઇએ. તબેલામાંથી હું મારો આગીમક ઘોડો છોડીશ અને હથીઆર સજીશ. મુલકોમાં મારૂં શુરાતન—મારૂં પાણી બતાવવા હું બહાર પડીશ. જો તેમ નહિ બને તો પાછો વળીશ અને ટુકા જાતિની ધારદાર તલવારના ઝટકા હેઠળ માથું મુકીશ.'

સુરજ માથે આવી તપવા લાગ્યો. લડાઇનો થાક્યો પાક્યો મેહદુમ એક નદીને કાંઠે પોતાના કેદીને એક તરફ બાંધેલો મુકી જરા આરામ લેવા આડો થયો, અને અવનવા વિચારમાં થોડી જ વારમાં મીઠી નીંદમાં પડ્યો.

ઉપલાણ તરફ ભારે વરસાદો થવાથી નદીમાં તાણ આવ્યું હતું. પુરપાટ ધસતું પાણી કાંઠા ઉપર પછડાતું હતું. જે ભેખડ પર ઉંઘતો મેહદુમ પડ્યો હતો તેની નીચેની માટી ધોવાતી જતી હતી અને ભેખડ તુટી પડવાની અણી પર હતી.

કેદી અદીન જરા દૂર બેઠો હતો. અચાનક તેની નજર ભેખડની નીચેના ભાગ પર પડી. આ કટોકટીની

ઘડી તે પામી ગયો. પોતાના હાથપગ બાંધેલા છતાં તે મેહદુમનો બચાવ કરવા તૈયાર થયો. લોટતો લોટતો તે મેહદુમની નજીક પહોંચ્યો, તેને દાંત વડે જકડીને પકડયો અને એક ઝટકે વખતસર ખેંચી લીધો. બીજી જ પળે કાંઠાની ભેખડ તુટી પડી. અદીન ન હોત તો મેહદુમ આ ઘોડાપુરમાં ઘસડાઈ જઈ ડુબી મુઓ હોત.

મેહદુમ કુલી આ ઉપકારનો બદલો કેમ વાળે ? તેને એક જ વિચાર આવ્યો: ‘ અદીનનો છુટકારો. ’ તેણે એના બંધ છોડી નાખ્યા અને પોતાના ઘોડા ઉપર બેસાડી દઈ એના ઘર તરફ રવાના કર્યો.

પોતાનું વચન પાળવા તૈયાર થયો હતો તેની બહાદુરીને તેઓ વખાણ્યા વગર રહી ન શકયા, પણ સોગંદ તે તો સોગંદ. મેહદુમ કુલી માટે કામ આગળ કાંઈ પણ અરજ ગુજારવાની તેઓની હિમ્મત ન ચાલી.

* * *

તાતી તલવાર તડકે ચળકાટ કરી રહી છે. દુકા સરદાર પોતાની કોમના લોકો વચ્ચે બાંધેલો પડયો છે. જલ્લાદ હાથમાં તલવાર લઇ આગળ આવે છે.

એટલામાં દૂરથી એક અવાજ આવ્યો, ‘ સબુર ’. કેદી મેહદુમ તરફ એકીટશે જોઇ રહેલા લોકોની નજર એ અવાજ ભણી વળી. કોઇ ઘોડેસવાર છાવણી તરફ પુરપાટ દોડયો આવતો હતો.

દિલગીરીમાં ધીમે પગલે મેહદુમ દુકા છાવણી તરફ પાછો ફર્યો. પોતાની મર્દાનગી ખરી ઠરાવવાના, ને નહિ તો તલવારથી ધડ જુદું કરાવવાના તેણે સોગંદ ખાધા હતા. પોતાની મર્દાનગીની અને લડાઈની જીતની ખાતરી આપવા તેની પાસે હવે કંઈ જ સાબીતી રહી નહોતી. તેને તો ખાતરી હતી કે દુકા ટોળી એની કોઈ વાત માનવાની નથી.

સાંજ પડયે એ છાવણીમાં જઈ પહોંચ્યો. અને તેણે ધાર્યું હતું તેમ જ બન્યું. એના દોસ્તો, ., નાજુક દિલની કન્યાઓ અને કેટલાક જંગલી જેવા સીપાઇએ પણ પોતાના સરદારની આખરની ઘડી આવેલી જાણી રોવા લાગ્યા. જીવને જોખમે પણ જે



એ બીજો કોઇ નહિ પણ અદીન હતો. લડાઇમાં પોતાને જીતનાર મેહદુમે જોકે છુટકારાની રકમ માગી ન હતી, તોપણ સચ્ચાઇની રાહે અદીન તે ભરવા આવ્યો હતો.

નજીક આવી તે તરત ઘોડેથી કુદી પડ્યો અને મેહદુમ આગળ દોડી આવી તેના બંધ કાપી રોવા લાગ્યો. ઠુકા કોમના લોકો તાજુબીથી આ બધું જોઇ રહ્યા.

પછી અદીને સહુને વાતની ફોડ પાડી. મેહદુમ કુલીએ તેને લડાઇમાં કેવી રીતે હરાવ્યો હતો, પોતે કેદી તરીકે મેહદુમ કુલીને પુરમાંથી કેમ બચાવી લીધો હતો અને છેવટે બન્ને કેમ દોસ્તદારો બની ગયા હતા એ સઘળું કહ્યું.

અદીને વધુમાં જણાવ્યું કે 'આવા રહીમ અને સખી દિલના મેહદુમને એક મોતમાંથી છોડાવીને શું બીજા નાચીઝ મોતમાં હું ધકેલી દઉં ? હું એનો બિરાદર છું—બંદો છું. જુઓ, મારા છુટકારા બદલની રકમ હું લાવ્યો છું.'

સોનાની અશરફીઓ ભરેલી થેલીઓ જોઈ ઠુકા જાતિના લડવૈયાઓને ખાતરી થઇ કે અદીનની વાત સાચી છે. આ સિવાય બીજી કોઈ રીતે એમને પતીજ પડત જ નહિ. હવે સઘળા ખુશખુશ થઇ ગયા. તેઓને ભાન થયું કે તેમનો સરદાર ખરો બહાદુર છે. વળી એક સખુન ઉપર જાન કુરબાન કરવામાં તો તેણે સૌના કરતાં વધુ હિમ્મત બતાવી હતી.

જરા ચેતજો

ઘરકામમાં મશગુલ થએલા એક સ્ત્રી પોતાના બાળકને ધવડાવતી હતી. પડખે ઘોડીઉ પડ્યુ. ચોમાસાનો મુશળધાર વરસાદ હતો. ભેજ અને ઠંડીથી ઠરી ગએલો એક વીંછી કયાંક ભરાઈ રહેવાના ઠેકાણાની ખોળમાં ઘોડીઆના પાયાપર ચડ્યો, અને ત્યાંથી ઘોડીઆની હુંફવાળી ખોઇમાં જઈ ભરાયો.

બાળકને નીચે સુવાડી માતા કામમાં પડી; પણ સુખ ન થવાને લીધે બાળક રોવા માંડ્યું. આથી કામમાં હરકત થતાં માતા કંટાળી. વળી પાછું બાળકને ધવડાવીને નીચે મુકયું; પણ એ રડતું બંધ ન થયું. ખુબ કામ પડેલું તેથી તેણે એકદમ એક બે લપડાક ખેંચી કાઢી, અને ઘોડીઉં ઝાટક્યા કે ખખેર્યા વિના એમ ને એમ સુવાડી ઝટપટ હીંચોળવા લાગી. તરત અંદર ભરાઇ બેઠેલા વીંછીએ, બાળક નીચે દબાઇ જવાથી ડંખ દેવા શરૂ કર્યાં. બાળકે ચીસો પાડી. મુઢ માતાએ જાણ્યું કે એ તો હઠીલું છે. એને સુવું નથી તેથી એમ કરે છે. વીંછીના ડંખ અને બાળકની ચીસો બંને વધવા લાગ્યાં. તેમ તેમ માતા જોરથી ઘોડીઉં હીંચોળવા લાગી. અંતર ફાડી નાખે એવી ચીસો અંતે એનાથી ન ખમાઈ અને બાળકને તેડી એના દુઃખનું કારણ વિચારવા લાગી. એવામાં નાસી છુટેલો વીંછી ઘોડીઆમાંથી ઉપર ચડતો દીઠો. બાળકના કુમળા વાંસામાંથી જુએ તો લોહીની ધાર અને પાર નહિ એટલા ડંખ ! આખરે તો એ માતા હતી. આ જોઈ એને હૈયે હજાર વીંછીની વેદના થઈ. અત્યંત પીડાને લીધે બાળક મરણશરણ થયું.

પોતાના અને પોતાનાંના સુખ માટે જરાક વધુ કાળજી લઇએ તો કેટલું દુઃખ ઓછું થઈ શકે ?



માડાગાસ્કરના વતનીઓ

માડાગાસ્કર આફ્રિકાના અગ્નિ ખુણામાં ૨૫૦ માઇલ દૂર આવેલો દ્વિપ છે. માડાગાસ્કરનું નામ મારકો-પોલો નામના માણસ ઉપરથી પડેલું છે. હાલ આ ટાપુ ફ્રાન્સના તાબામાં છે. ફ્રેન્ચ સરકારનું થાણું માડાગાસ્કરની રાજધાની આન્તાનાનારીવોમાં છે. આ બેટ લંબાઇમાં આશરે ૧૦૦૦ માઇલ અને પહોળાઇમાં ૩૦૦ માઇલ છે. એનો મધ્ય પ્રદેશ પર્વતની હારથી ઘેરાએલો છે. આ બેટમાં ઘાડાં જંગલો આવેલાં હોવાથી ચિત્રવિચિત્ર પ્રાણીઓ અહીં બહુ થાય છે. પક્ષીઓનાં રંગબેરંગી પીછાં અહીં ઘણાં મળી શકે છે. અહીં મોટી સંખ્યામાં હળદરનાં ઝાડ થાય છે, ઉપરાંત, રાવેનલા નામનું એક વિચિત્ર ઝાડ એવું થાય છે કે તેનાં પાંદડાંઓના ઝુમખામાં શીતળ અને નિર્મળ પાણી ભરેલું મળી આવે છે! આ ઝાડને પ્રવાસી વૃક્ષ કહે છે.

અહીં વાંદરાં શુમાર વિનાનાં છે, અને તેમની અસંખ્ય જાતો છે. તેમાં લેમર્સ નામની જાતનો વાંદરો બહુ ભયંકર હોય છે. નદીઓમાં મગરો બેશુમાર હોવાથી અહીંના વતનીઓને સદા ચેતતા રહેવું પડે છે. સિંહ, ઝીબ્રા, જીરાફ, હાથી, ગેંડા વગેરે મોટાં પશુઓ અહીં નજરે પડતાં નથી.



માડાગાસ્કરના મુળ વતનીઓ : સકાલવા લોકો

માડાગાસ્કરમાં જુદી જુદી જાતના મનુષ્યો વસે છે. તેમાં મુખ્ય હબસી, અરબી અને સકાલવા જાત છે. સકાલવા એ આ ટાપુની મુળ નિવાસી જાત છે. આ લોક ખાસ કરીને પશ્ચિમ કીનારા તરફ રહે છે. આ જાતિનાં માણસોનો રંગ પણ હબસીઓને કંઇક મળતો અને પાકેલાં જાંબુ જેવો હોય છે. તેઓ શરીરે ખુબ મજબુત હોય છે. તેમના વાળ લાંબા ને ગુંચળાં-વાળા, તથા આંખો ખુબ લાંબી હોય છે. નાકમાં નથની પણ તેઓ મોટી પહેરે છે.

આ જાતિનો મુખ્ય ધંધો માછીમારનો છે. તેઓ સ્વાભિમાની અને સ્વતંત્ર છે. હુન્નરઉદ્યોગ કરતાં તેઓ લડાઇ અને શીકારને વધારે પસંદ કરે છે. તેઓનો ખોરાક મુખ્યત્વે કરીને ચોખા અને માછલીનો જ છે. જે લોકો સમુદ્રકીનારાથી દૂર વસે છે તેઓ ખેતી કરે છે; પરંતુ તેમનો યે મુખ્ય ખોરાક તો માછલી જ. ઘણા લોકો ઢોરનાં ટોળાં લઈ સહકુટુંબ ફરે છે; પણ નવાઈજેવું તો એ છે કે તેઓ દુધનો મુદ્દલ ઉપયોગ કરતા નથી. માત્ર ખેતી અને ખોરાકમાં તેઓ ઢોરનો ઉપયોગ કરે છે. આ લોકો માંસાહારી છે.

વળી તેઓમાં સદા કુસંપ રહ્યા કરે છે. પડોશીઓ પણ એકબીજાથી બીતા રહે છે. પ્રસંગ આવ્યે લડાઇ

પણ થાય છે. પકડાએલા માણસોને ગુલામ બનાવવાનો રીવાજ તેમનામાં છે. કેટલીક વાર તો તેઓ ગુલામોને વેચે પણ છે.

શહેર અને ગામનું રક્ષણ કાંટાળા થોરની વાડોથી કરવામાં આવે છે. આ થોરની વાડો સો સો વાર પહોળી કરવામાં આવે છે. આ વાડો એટલી મજબુત હોય છે કે એમાં થઈને ચોર લુંટારા કે શત્રુઓ તો ન આવી શકે, પણ ફ્રેન્ચ તોપના ગોળાઓ પણ પેસી શકતા નહિ!

અહીંની એક જાતિના લોકોમાં એવો રીવાજ છે કે ઘાસનું એક તણુખલું વાવ્યા વગર કોઈ માણસ ઝરણનું પાણી પી ન શકે. વઝિમ્બા નામની એમની વનદેવીને રીઝવવા ખાતર આ લોક આમ કરતા લાગે છે.

શોક પાળવાની આ લોકની રૂઢી બહુ કઠોર છે. કોઇ છત્રી લઇને ચાલી ન શકે, સીસોટી વગાડી ન શકે કે માટીના વાસણ ઘડી ન શકે. મોટેથી હસવું કે તાળી પાડવી, વાળ ઓળવા કે દાતણ કરવું એ શોક હોય ત્યારે તદ્દન અમર્યાદ ગણાય છે.

અહીંના લોકો માણસ મરી ગયા પછી મુરદાંને દાટે છે; અને મરણ પામેલા માણસની સાથે એનો નાણાંનો ભંડાર પણ દાટી દે છે. પાછળથી ચોરી કરવાની દાનતથી કબર વીખનારને તો આ લોકો પીંખી જ ખાય છે.

અહીંની બેત્સીલીઓ નામની જાતના લોકો સાપને કુટુંબના માણસ જેવો ગણે છે. તેઓ માને છે કે સાપ એ મરી ગએલાં કુટુંબીઓનાં પ્રેત છે.

આ ટાપુને પૂર્વ કિનારે વસનારા લોકો ઘણા નમ્ર સ્વભાવના અને શાન્ત હોય છે, પરંતુ તેમના વાળ એવા બીહામણા હોય છે કે જોનારને બીક જ લાગે. તેઓ ડુક્કરના જેવા ઉભા વાળ રાખે છે.



માત્ર હાથની જ કારીગીરીથી આ લોકો માટીનાં વાસણ ઘડે છે. આ વાસણો નકશી વિનાનાં સાદાં પણ આકારમાં બહુ સુંદર હોય છે. અંદર ધુળ ન પડે તે માટે તેઓ વાસણો ઉપર વાંસની છાલનાં ઢાંકણાં ઢાંકે છે.



આ લોકોની કપડાં વણવાની શાળ તદ્દન સાદી હોય છે. ચાર ઉભા, અને બે ત્રણ આડા વાંસના કકડાઓની તે બનાવેલી હોય છે. ઘણે અંશે તે આપણી શાળને મળતી આવે છે. સ્ત્રીઓ તેના ઉપર શણ, રૂ અને રેશમનું કાપડ વણે છે. વણાટમાં તેઓ રંગબેરંગી પટાની ભાત પણ પાડી શકે છે.

માડાગાસ્કરમાં સમુદ્રકીનારાથી દૂર હોવાસ નામની એક બીજી જાતિ પણ વસે છે. આ લોકો પણ આ ટાપુના મુળ વતનીઓ છે. તેઓ રાજકુળના કહેવાય છે. એમના પૂર્વજો માડાગાસ્કરની બીજી જાતિઓ પર રાજ્ય કરતા હતા, તેથી તેઓ આજે પણ રાજવંશી હોવાનો દાવો કરે છે. પરંતુ સકાલવા લોકો તેમને રાજવંશી તરીકે સ્વીકારતા નથી. આ કારણથી આ બે જાતિઓ વચ્ચે લડાઇઓ ચાલ્યા જ કરે છે. વંશ શોધકો કહે છે કે હોવાસ લોકો મુળ મલય જાતિના હોવા જોઇએ. પુરાણા કાળમાં જાવાના લોકો માડાગાસ્કરમાં જઈ વસેલા. હોવાસ લોકો તેમના વંશના હશે. કારણ કે તેઓ ગૌર વર્ણના અને મજબુત શરીરવાળા હોય છે. તેમના વાળ પણ સુંદર અને કાળા હોય છે. દાઢી ખુબ નાની અને આંખો લાલ લાલ હોય છે.

સકાલવા લોકો છ

અને દોઢ હાથ પહોળા કપડાંના ટુકડા શરીરે વીંટાળે છે. સ્ત્રીઓ પણ તેમ જ કરે છે. વળી ઉપર કહ્યા પ્રમાણે આ લોકો હોવાસ જાતિને રાજા તરીકે ન માનતા હોવાથી તેઓ પોતાની જાતમાંથી જ જુદો રાજા નીમે છે. તેમના રાજા તથા રાણી લાલ રંગનાં કપડાં પહેરે છે. તેઓ માને છે કે આ રંગનાં કપડાં તેમની સુંદરતામાં વધારો કરે છે. તેઓમાં રાણીનું ચલણ બહુ હોય છે, અને તેને તેઓ બહુ માન આપે છે. જ્યારે રાણીઓ બહાર નીકળે છે ત્યારે તેમને માથે મુગટ મુકવામાં આવે છે અને ઉપર લાલ રંગના કપડાની છત્રી ધરવામાં આવે છે.

સ્ત્રીઓ ભાગ્યે જ પોતાના વાળ ઓળે છે, કારણકે તેમના વાળ ઓળતાં બહુ મુશ્કેલી પડે છે. તેમને વાળ ઓળતાં તથા બાંધતાં લગભગ ત્રણ ચાર કલાક થાય છે. આપણે ત્યાં હોળી દીવાળી જેવા તહેવારો હોય છે, તેમ એમનામાં વાળ ઓળવાનો એક તહેવાર પળાય છે ! આ દિવસે સ્ત્રીઓ પોતાના વાળ ઓળે છે. વાળ ઓળીને તેના ચોવીસ ભાગ પાડે છે, ચોવીસ સેંથા પાડે છે તથા ચોવીસ લટો ગુંથે છે; પછી આ બધી લટો ભેગી કરીને બાંધી લે છે. કેટલીક સ્ત્રીઓ લટોને છુટી છુટી શરીર પર રહેવા પણ દે છે.

સકાલવા લોકોનો મુળ ખોરાક ચોખા છે, પરન્તુ તેઓ માંસ પણ ખાય છે; અને શાકભાજી ને ચોખા સાથે ગાય, બળદ, કુક્કર તથા બકરાનું માંસભક્ષણ પણ કરે છે. તેઓ દિવસમાં બે વખત ખાય છે. તેમના ચોખા પચાવવા બહુ જ કઠણ હોય છે, અને કદાચ જરા વધારે ખવાય તો તો બાર જ વાગ્યા જાણવા ! આથી બાળકને ખવડાવતી વખતે માતા બાળકના પેટની આસપાસ એક કપડાની પટ્ટી ઢીલી ઢીલી બાંધી દે છે; અને જ્યારે ખાતાં ખાતાં પેટ મોટું થઇ પટ્ટી સજ્જડ થાય કે તરત મા બાળક પાસેથી ખોરાકનું વાસણ ખેંચી લે છે; કે જેથી બાળક વધારે ખાઇ માંદું પડે નહિ !

સકાલવા લોકોનો નાચ



'વલીહ' એ માડાગાસ્કરનું સંગીતનું વાજિંત્ર છે. ચારેક ફુટ લંબાઇનો વાંસનો એક કટકો કાપી, તેના વચલા ભાગની ઉપરની છાલની ઝીણી ચીપો રાખી બાકીનો વચ્ચેનો ગર કાઢી નાખે છે. એ ચીપો નીચે કોળાની છાલના કટકા રાખી તેને આંગળીઓ વડે વગાડવામાં આવે છે.

આ લોકોનાં ઘરનાં છાપરાં ઘણાંખરાં ઘાસનાં તથા ભીંતો લાલ માટીની બનાવેલી હોય છે. વળી તેમનાં બારણાં બહુ નાનાં હોય છે; માણસ ઉભો ઉભો તો અંદર જઇ શકે જ નહિ. પારકે ઘેર જનાર માણસ પહેલાં બહાર ઉભો રહી બુમ પાડે છે કે 'હું અંદર આવું ?' તરત જ અંદરથી ગૃહિણી જવાબ દે છે, 'હા, પધારો !' અને આમ બોલી બહાર આવી તે અતિથિને અંદર લઇ જાય છે. આ લોકો પરોણાગત ખુબ કરી જાણે છે અને અતિથિને કોઇ દિવસ દુભવતા નથી.

સકાલવા લોકો ચટાઇઓ બનાવવામાં ઘણા કુશળ હોય છે. તેઓ સુવા તથા બેસવા માટે ચટાઇઓ જ વાપરે છે. તેમનાં ઘર પચીસથી ત્રીસ ફુટ લાંબાં હોય છે. પણ આ લોકો બહુ જ ગંદા રહે છે; કારણકે તેઓ પોતાના આટલા નાના ઘરમાં જ બેસે છે, સુએ છે, રાંધેખાય છે; અને ઢોરઢાંખર પણ ત્યાં જ બાંધે છે. જ્યાં રાંધે ત્યાં જ સુઇ રહે; જ્યાં બેસે ત્યાં જ ઢોર બાંધે !

આ લોકો વહેમી પણ હોય છે. તેઓ અમુક દિવસોને સારા અને અમુક દિવસોને અશુભ માને છે. અશુભ દિવસે જન્મેલા બાળકને તેઓ સારા પગલાનું નથી માનતા; તેથી તેવા બાળકને જન્મે કે તરત પાણીમાં ડુબાડી તેઓ મારી નાખે છે. કેટલાકમાં વળી એવો રીવાજ હોય છે કે અશુભ દિવસે જન્મેલા બાળકને ગાય કે બળદની આગળ નાખવામાં આવે છે. દૈવ-યોગે જો તે પશુ તેને ઇજા ન કરે તો તેને સારાં પગલાંનું માની નથી મારી નાખતા. પણ જો પશુ બાળકને મારી નાખે તો તેની મા બાળકને એક કોરા માટલામાં મુકી, તે માટલું જમીનમાં દાટી દે છે.

બાળકના જન્મ પછી સાતમે દિવસે બહાર કાઢીને તેને આહિરને ઘેર લઇ જાય છે. તેમની જાતિમાં જેને ત્યાં ખુબ ઢોર હોય તે આહિર તરીકે ઓળખાય છે. ત્યાં ગયા પછી આહિર અથવા તે બાળકનો બાપ બાળકને સંબોધીને આશીર્વાદ આપે છે કે 'તું ધનવાન, પુત્રવાન થા; ઢોરનું રક્ષણ કર; વગેરે.'

ત્યાંની સ્ત્રીઓ આપણે અહીંઆની સ્ત્રીઓ પેઠે નવરી બેસી રહેતી નથી. રસોઈ બનાવ્યા પછી તેઓ અનાજ સાફ કરે છે, સુતર કાંતે છે કે કપડાં વણે છે. કેટલીક પોતાના પતિના કામમાં પણ મદદ કરે છે. ત્યાંની સ્ત્રીઓ શરીરે બહુ મજબુત હોય છે. ઘણી વખત એવું પણ જોવામાં આવે છે કે માતાને માથે પાણીનું બેડું હોય અને પીઠ ઉપર ખોઈમાં બે ત્રણ વર્ષનું બાળક સુતેલું હોય.

માડાગાસ્કરના વતનીઓને નાચવું બહુ જ ગમે છે. કેટલીક વાર સ્ત્રી તેમજ પુરુષ બધા જ નાચમાં ભાગ લે છે. પરંતુ અંગ્રેજોની માફક સ્ત્રી અને પુરુષ સાથે નાચતાં નથી. તેમના નાચમાં પગના નાચ કરતાં હાથની ક્રિયાઓ વધારે હોય છે.

ઘણા લાંબા વખતથી માડાગાસ્કરની આ જાતિમાં સ્ત્રીઓ જ રાજ્ય કરે છે. દરેક રાણી પોતે ગાદીએ આવે છે ત્યારે પોતાને માટે ખાસ નવો જ મહેલ બંધાવે છે. આ મહેલ ખાસ કરીને એક નાની ટેકરી પર બનાવવામાં આવે છે. મહેલમાં અને સાધારણ ઘરોમાં બહુ ફેર નથી હોતો; પરંતુ મહેલ સહેજ મોટો અને રાજવંશી ઠાઠમાઠવાળો હોય છે.

પહેલાં આ લોકોમાં મૂર્તિપૂજાનો રીવાજ હતો. અનેકવિધ મૂર્તિઓ દેશમાં હતી. પરંતુ તેમાં એક મૂર્તિને સૌથી શ્રેષ્ઠ માનવામાં આવતી. તહેવાર કે ઉત્સવને દિવસે લોકો તે મૂર્તિની આસપાસ એક જાળીવાળુ કપડું ઢાંકી તેને દરેક જગ્યાએ ફેરવતા. સકાળવા લોકોને સંપૂર્ણ શ્રદ્ધા હતી કે આ મૂર્તિને પ્રસન્ન કરવામાં જ દેશનું કલ્યાણ અવલંબી રહેલું છે.

હાલમાં આ મૂર્તિપૂજા ધીમેધીમે બંધ પડવા લાગી છે અને પાદરીઓ ત્યાં ખ્રિસ્તી ધર્મ ફેલાવી રહ્યા છે.

તરતાં શીખજો

...ને ડુબતા જોયા કરવુ સારૂં છે?

કોઈ મિત્ર ડુબતો હોય ત્યારે કાંઠે ઊભા લાચાર બની જોઈ રહેવં પડે તેના જેવું શરમભરેલું બીજું શું હોઇ શકે?

ત્રણ ચાર છોકરાઓ એક ધરા આગળ ન્હાવા ગયા હતા. બધા કાંઠે બેસીને ન્હાતા હતા, એવામાં તેમાંથી એકનો પગ લપસ્યો ને ઉંડા પાણીમાં પડી ગયો. તે ત્રણ ચાર વાર ઉપર આવ્યો ને છેવટે ડૂબી મુઓ.

પેલા ત્રણે છોકરાઓમાંથી એકને તરતાં આવડતું નહોતું, તેથી તે કોઈ બચાવી શકયા નહિ. આસપાસ કોઈ માણસ પણ નહોતું કે મદદને માટે બોલાવે. આ ઉપરથી દરેક જણને તરવાની રીત શીખી લેવાની જરૂર જણાશે. શીખવાનો કોઈ પણ પ્રસંગ મળે તો માણસે ભુલવું ન જોઇએ. જો કે એવી તક સૌને મળતી નથી. કારણકે તરી શકાય એવી જગ્યાઓ ઘણાને દૂર હોય છે પણ ઘણાને તો તરવાનું પાસે હોય છે તોપણ શીખ્યા વિના રહે છે.

દરેક માણસને સારીરીતે તરતાં આવડતું હોત તો દેશના ઘણા માણસો ડુબતા બચ્યા હોત.



સમ્રાટ્ અકબરનો મંત્રી અબુલ ફઝલ ભારે વિદ્વાન પુરુષ હતો. પંદર વર્ષનો થતાં સુધીમાં તેણે ધર્મશાસ્ત્ર અને તર્કશાસ્ત્રના ઘણા ગ્રંથો વાંચી નાખ્યા હતા; અને વીસ વર્ષનો થતાં તો તેણે પોતાનું શાન્ત સાહિત્યજીવન શરૂ કરી દીધું હતું. એક વખત એવું બન્યું કે ભાગ્યે જ મળી શકે તેવું એક પુસ્તક અબુલ ફઝલના હાથમાં આવ્યું. પણ તેના દરેક પાનાનો અર્ધોઅર્ધ ભાગ બળીને નાશ પામ્યો હતો. અબુલફઝલે પ્રથમ તો બળી ગએલા ભાગના છેડા પર નવા કોરા કાગળ ચોડી દીધા. તે પછી પુસ્તક વાંચવાનું શરૂ કર્યું. ઘણી ઘણી વખત વાંચ્યા પછી, ને પુસ્તો વિચાર કરીકરીને, અબુલ ફઝલ અધુરો ભાગ પુરો કરતો ગયો. કેટલોક વખત ગયા પછી અચાનક આ પુસ્તકની બીજી નકલ એક જગ્યાએથી મળી આવી. અબુલ ફઝલે પુરૂં કરેલું પુસ્તક લગભગ આ પુસ્તક જેવું જ હતું, ને કેટલીક જગ્યાએ તો વિચાર, શબ્દ, શૈલી ને વાક્ય પણ બધાં જ તેના જેવાં હતાં! અબુલફઝલના અભ્યાસની એકાગ્રતા એના હરીફોને હંફાવે તેવી હતી.



અબુલ ફઝલ

• • •

જહાંગીરનો સ્વભાવ અત્યંત ન્યાયપ્રિય હતો. એના વખતમાં હૉકિન્સ નામનો એક સાહેબ આ દેશમાં આવ્યો હતો. સુરતમાં, ત્યાંના સ્થાનિક અધિકારીઓએ એને પરદેશી જાણી ખુબ હેરાન કર્યો. હૉકિન્સ આ વાત ની ફરીઆદ કરવા દિલ્હી ગયો. તેના મનમાં એમ હતું કે આવડી મોટી શહેનશાહતમાં, જ્યાં સુરત અને દિલ્હી વચ્ચે ૭૦૦–૮૦૦ માઇલનું અંતર છે ત્યાં, આવા સાધારણ જુલમના પ્રસંગો પર કોણ લક્ષ આપતું હશે? પરંતુ જ્યાં તે જહાંગીરને મળ્યો ત્યાં તેને ખબર પડી કે જહાંગીરને સુરત ની વાત ની તલેતલ બાતમી મળી ગઇ હતી; ને તેણે તરત જ તે વિષે ન્યાય પણ આપ્યો હતો!

હૉકિન્સે લખ્યું છે કે કોઇ પણ અધિકારી પ્રજાને અન્યાય આપે છે એવી ખબર જહાંગીરને પડતી કે તરત જ, તે અધિકારી ગમે તેવડો મોટો હોય તોપણ, તેનો ઘડોલાડવો કુટાઇ જતો!

• •

સર ટૉમસ રોએ જહાંગીર વિષે ની રજેરજ હકીકત આપી છે. જહાંગીરને દ્રાક્ષ, નારંગી ને અંજીર પર પ્યાર હતો; ને પાછળથી ગુજરાત ની મુસાફરી કર્યાં પછી, તેને ગુજરાતનાં ખીચડી ને બાજરીનો રોટલો

ભારે પસંદ પડ્યાં હતાં. ટૉમસ રોએ લખ્યું છે કે જહાંગીર ચિત્રકલાનો શોખીન હતો. એક વખતે જહાંગીરે રો પાસે એક સુંદર ચિત્ર જોઈ તેની માગણી કરી. પણ પોતાના એક મૃત્યુ પામેલા મિત્રનું તે ચિત્ર હોવાથી, રો આપવાને ખુશી ન હતો. જહાંગીરે તે ચિત્રની નકલ કરાવવા માગી લીધું. નકલો થઈ રહ્યા પછી બધાં ચિત્રો પાસે પાસે મુકી જહાંગીરે રોને તેનું મુળ ચિત્ર ઓળખી કાઢવાનું કહ્યું. રો મહા મુશ્કેલીથી પોતાનું ચિત્ર ઓળખી કાઢી શક્યો.

જહાંગીરના હસ્તાક્ષર સુંદર હતા, અને તે હજી પણ બાંકીપુરની ખુદાબક્ષ લાયબ્રેરીમાં સાચવેલા છે. જહાંગીરે પોતે પણ કાશ્મીરના કુદરતી દેખાવનાં કેટલાંક સુંદર ચિત્રો દોર્યાં છે.

● ● ●

બાંકીપુરની ખુદાબક્ષ લાયબ્રેરી એ એક મનુષ્યના સ્વાત્માર્પણનું ફળ છે.

ખાન બહાદુર ખુદાબક્ષ બિહાર પ્રાંતમાં ચાપરા નામે ગામમાં જનમ્યા હતા. તેમના પિતા મહમ્મદ બક્ષ બાંકીપુરમાં વકીલ હતા. ખુદાબક્ષે પણ પિતાનો જ ધંધો હાથ લીધો. ખુદાબક્ષની યાદશક્તિ અદ્‌ભુત હતી. મહમ્મદ બક્ષ ફારસી અને અરબ્બી ભાષાના સારા વિદ્વાન હતા. જ્યારે તે મરણપથારી પર પડ્યા, ત્યારે તેમણે ખુદાબક્ષ પાસેથી વચન લીધું કે તેણે બાંકીપુરમાં એક સુંદર પુસ્તકાલય બંધાવવું, ને તેમાં હસ્તલિખિત ગ્રંથો ભેગા કરવા. ખુદાબક્ષે મરતા પિતાને આ વચન આપ્યું, ને તે આખી જીંદગીભર મહેનત કરીને પાળ્યું.

ખુદાબક્ષને પિતા તરફથી આશરે ૧૫૦૦ હસ્તલિખિત ગ્રંથો વારસામાં મળ્યા હતા. ખુદાબક્ષે તે વધારીને ૫૦૦૦નો સંગ્રહ કર્યો. તેમાંનાં ત્રણ હજાર પુસ્તકોની કીંમત જ અઢી લાખ રૂપીઆ અંકાઈ હતી! ખુદાબક્ષે, પિતાને આપેલા વચન પ્રમાણે એ પુસ્તકસંગ્રહ માટે એંશી હજાર રૂપીઆની કીંમતે એક મકાન પણ બંધાવ્યું. કુટુંબની અત્યંત સાધારણ સ્થિતિમાં ખુદાબક્ષે રજ પણ આનાકાની વિના, પિતાની છેલ્લી ઇચ્છા પુરવા વચન આપ્યું અને આખી જીંદગીની કમાણી તેની પાછળ હોમીને અંતે તે પાળ્યું પણ ખરું.

● ● ●

પિતૃભક્ત ખુદાબક્ષના આ સંગ્રહ તરફ એક વખત અકસ્માત ઇશ્વરે પણ મદદનો હાથ લંબાવ્યો હતો. તેના પિતા મહમ્મદ બક્ષ પાસેથી પટણાના જજ મિ. જે. બી. ઇલીઅટે એક દુર્લભ પુસ્તક વાંચવા લીધેલું. પાછળથી મિ. ઇલીઅટે તે પુસ્તક માટે જે માગે તે કીંમત આપવાનું કહી, પુસ્તક પાછું આપવાની ના પાડી. મહમ્મદ બક્ષને આથી બહુ ખોટું લાગ્યું, પણ તે કાંઈ બોલ્યા નહિ. મિ. ઇલીઅટ જ્યારે નોકરી પરથી ફારક થયા, ત્યારે તેમણે પોતાના સઘળા ઉપયોગી હસ્તલિખિત ગ્રંથો કેટલીક પેટીઓમાં ભરીને ઇંગ્લંડ રવાના કર્યા, અને નકામા પુસ્તકોની એક પેટી ભરીને તે પટણામાં જ લીલામથી વેચવા મુકી દીધી. દૈવયોગે તેણે મહમ્મદ બક્ષ પાસેથી વાંચવા લીધેલું પેલું દુર્લભ પુસ્તક પણ તેમાં જ રહી ગયું! એટલું જ નહિ પણ બાદશાહ શાહજહાંના હસ્તાક્ષરવાળું 'મજલીસે ખામસા' નામનું એક બીજું હસ્તલિખિત પુસ્તક પણ આ નકામા લીલામથી વેચવાનાં પુસ્તકો ભેગું પડી રહ્યું! લીલામમાં એ સંગ્રહ મહમ્મદ બક્ષના હાથમાં આવ્યો! તેને પોતાનું મુળ પુસ્તક તો મળ્યું જ; પણ સાથે વ્યાજમાં 'મજલીસે ખામસા' પણ આવ્યું!

મિ. ઇલીઅટને ઠેઠ ઇંગ્લંડ પહોંચ્યા પછી આ વાતની ખબર પડી. પણ પછી તો ધુંવાફુંવા થાય એટલું જ.

● ● ●

રાજકુમાર ખુશરૂના બળવા વખતે જહાંગીરે કેટલીક અઘટિત વર્તણુક ચલાવી હતી. પોતે જુવાનીમાં બળવો કર્યો ત્યારે અકબરે કેટલી માયાથી તેને વશ કર્યો હતો, એ જહાંગીરે સંભાર્યું હોત તો એના ચારિત્ર પર આ કલંક ન આવત. ખુશરૂના મિત્રો તથા સૈનિકોમાંના ઘણાને શૂળી પર ચઢાવવામાં આવ્યા અને ત્યાં આગળથી ખુશરૂને હાથી પર બેસાડી પસાર કરવામાં આવ્યો, કે જેથી તે પોતાના મિત્રોની અવદશા જોઈ શકે. ખુશરૂના કોમળ અંતઃકરણ પર આ ક્રૂર દશ્યની એવી છાપ પડી ગઈ કે તે ત્યાર

પછી ઘણા દિવસો સુધી તે હમેશાં રોયા જ કરતા! અને તેના સુંદર ચહેરા પર શોકની એવી તો ઘાટી રેખાઓ આવી ગઈ કે તે મરણ સુધી ભુંસાઈ નહિ.

● ● ●

આ જ અરસામાં જહાંગીરે શીખોના ગુરુ અર્જુનસીંગને પણ કેદની શિક્ષા કરી હતી.

શીખ ગુરુ રામદાસનો સૌથી નાનો પુત્ર તે ગુરુ અર્જુનસીંગ. તેની યોગ્યતા જોઈ પિતાએ તેને ગુરુની ગાદી આપી હતી. અર્જુનના મોટા ભાઈ પૃથુચંદથી આ વાત સહન થઈ શકી નહિ. તેથી તેણે અર્જુનનો દ્વેષ કરવા માંડ્યો. પૃથુની સ્ત્રી પણ અદેખા સ્વભાવની હતી, એટલે આ દ્વેષ વધી ગયો. ચંદના એક અમલદારે પોતાની પુત્રી સાથે ગુરુ અર્જુનના પુત્રના લગ્નની માગણી કરેલી તેની અર્જુને ના પાડેલી, તેથી તે અમલદાર પણ ગુરુનો શત્રુ બન્યો. ગુરુ અર્જુનસીંગ તો પોતાના સ્વભાવ પ્રમાણે પરોપકારનાં કાર્યોમાં નિમગ્ન રહેતા. એટલામાં ખુશરૂનો બળવો થયો. તે વખતે ગુરુએ દયાથી, ખુશરૂને અત્યંત મુશ્કેલીમાં જોઈ, મુસાફરી કરવા માટે થોડી પૈસાની મદદ કરી. જહાંગીરે તે પરથી ગુરુને પોતાની પાસે બોલાવીને કહ્યું કે તમે મારા દુશ્મનને મદદ કરી તે ઠીક કર્યું નથી. ગુરુએ કહ્યું કે હું ધર્મગુરુ છું, ને હિન્દુ મુસ્લીમ, મિત્ર કે દુશ્મન સૌને સમાન ગણવા એ મારો ધર્મ છે. ખુશરૂએ તમારી સામે બળવો કરેલો માટે મેં મદદ આપી નથી, પણ તેની દયા આવવાથી મેં મદદ આપી છે.

જહાંગીરે ગુરુનો બે લાખ રૂપીઆ દંડ કર્યો. પણ ગુરુએ કહ્યું, 'મારી પાસે જે પૈસા છે, તે તો નિરાશ્રિતો, અનાથો ને મુસાફરો માટે છે. તમને પૈસાની જરૂર હોય તો તમે લઈ શકો છો; પણ જો દંડ તરીકે પૈસા માગતા હો, તો એમાંથી એક કોડી પણ નહિ મળે! હું સત્ય અને ધર્મની શોધ કરનાર મુસાફર છું, અને તે શોધમાં આ દેહ પડી જાય તો તે મારૂં અહોભાગ્ય માનીશ!'

બાદશાહ કાંઈ પણ બોલ્યા વિના ચાલ્યા ગયા. પછી એક અધિકારીએ ગુરુને જણાવ્યું કે દંડ ભરો, નહિ તો કેદમાં જાઓ. તેના શિષ્યોએ દંડના પૈસા ભરવા તૈયારી કરી, પણ ગુરુએ સત્ય માટે સંકટ સહન કરવાનો પોતાનો ધર્મ ચુકવાની ના પાડી.

જહાંગીર પાસે આ વાતને ગંભીર રૂપ આપનારા અધિકારીઓએ ગુરુનો પ્રાણ લીધો ત્યારે જ જંપ્યા.

તેમણે ગુરુને કેદમાં અત્યંત દુઃખ આપ્યું. પણ ગુરુએ તે બધું મુંગે મોંએ સહન કર્યું, ને એક દિવસે નદીએ ન્હાવા ગયા ત્યાં પોતાનું શરીર નદીને સમર્પણ કર્યું!

● ● ●

૧૮૫૭ના બળવાનો મુખ્ય સંચાલક એક મુસલમાન મૌલવી હતો. તેનું પુરૂં નામ અહમદલ્લા. ઔંધમાં આવેલા ફૈઝાબાદનો એ રહેવાશી હતો. તે ઉંચો, કદાવર, ને પાતળો મજબુત માણસ હતો. તેણે એક નવી રીત શોધી તે દ્વારા બધા બળવાખોરોને નિયમિત ખબર પહોંચાડવાની હિમ્મત કરી હતી. બળવો થયા પહેલાં તે આગ્રા, દિલ્હી, મીરત ને કલકત્તા સુધી ફરી સૌને ગુપ્તરીતે મળી સમાચાર આપી આવ્યો હતો. પોતાની મુસાફરી દરમીઆન તેણે ચપાટી (રોટલી) મારફત ખબર ફેલાવવાની પ્રથા શોધી કાઢી. ચપાટી એક માણસ બીજા માણસને સહેલાઈથી આપી શકે, અને તેમાં શંકા હોવાનું કોઈને પણ કારણ મળે નહિ. આ ચપાટી દ્વારા દરેક માણસને તૈયાર રહેવાની સુચના મૌલવીએ પહોંચાડી હતી. નાના સાહેબ, ઝાંસીના રાણી લક્ષ્મીબાઈ અને આ મૌલવી સાહેબ, એ ત્રિપુટીએ લખનૌમાં મળી, બધી વ્યવસ્થા પ્રથમથી કરી રાખી, સમાચાર ફેલાવ્યા હતા; ને સમય આવ્યે તરત જ બળવો થયો.

● ● ●

ઔરંગઝેબનો એક સરદાર અમીરખાન બાવીસ વર્ષ સુધી અફઘાનિસ્તાન જાળવી રહ્યો હતો. એના મૃત્યુના સમાચાર દીલ્હીમાં આવ્યા ત્યારે બાદશાહ મુંઝાયો. આર્શદખાન નામે તે પ્રદેશનો એક વખતનો અનુભવી વઝીર એ વેળા દિલ્હીમાં હતો. બાદશાહે તેને બોલાવી કહ્યું, 'અમીરખાન મરણ પામ્યો છે. હવે અફઘાનિસ્તાનમાં હજાર મુશ્કેલીઓ જાગશે. માટે કંઈ રસ્તો કાઢવો જોઈએ'. આર્શદખાને કહ્યું કે 'અમીરખાન તો જીવે છે. કોણ કહે છે અમીરખાન મરણ પામ્યો છે?'

ઔરંગઝેબે અફઘાનિસ્તાનથી આવેલો કાગળ

બતાવ્યો. આર્શદખાને કહ્યું, 'વાત તો સાચી લાગે છે; પણ અમીરખાનની સ્ત્રી સાહીબજી જ ખરી રીતે અફઘાનિસ્તાન સાચવી રહી છે. માટે તે છવે છે ત્યાં સુધી વાંધો નહિ આવે!'

અમીરખાનનું મૃત્યુ પહાડો અને ખાણોમાં થયું હતું. તે વેળા સાહીબજી તેની સાથે હતી. તેણે અમીરખાનના મૃત્યુના સમાચાર એકદમ દબાવી રાખ્યા. અમીરખાન જેવા દેખાતા એક માણસને તેનો વેશ પહેરાવીને પાલખીમાં કાચના બારણાની પાછળ બેસાડી રાખ્યો અને ઝપાટાબંધ રાજધાની તરફ પાછા ફરવાનો હુકમ કાઢ્યો. રસ્તામાં પોતે હમેશાં લશ્કર તપાસતી. જ્યારે સૌ રાજધાનીમાં પહોંચ્યા ત્યારે જ ખબર પડી કે અમીરખાન તો મૃત્યુ પામ્યો છે!

અફઘાન લોકો તેને દીલાસો દેવા આવવા લાગ્યા, ત્યારે સાહીબજીએ તેમને કહ્યું કે 'બાદશાહી સુબાને મરેલો સમજી તમે હવે તોફાન મચાવતા નહિ. નહિતર, તમને લડાઈનું આમંત્રણ આપું છું. પણ સ્ત્રીના હાથથી માર ખાવામાં તમારી શોભા નથી!'

અને ઔરંગઝેબે મોકલેલો નવો સુબો એ વર્ષે આવ્યો ત્યાં સુધી સાહીબજીએ ખરે જ, કુશળતાથી અફઘાનિસ્તાનનું રાજયતંત્ર ચલાવ્યું.

'ધૂમકેતુ'

ઘોડાનો ઈન્સાફ

શહેનશાહ જહાંગીર બહુ અદલ ઈન્સાફી હતો. પોતાની રૈયતને બરોબર ઇન્સાફ મળે તે માટે તે બહુ ચીવટ રાખતો. તે જાણતો હતો કે રૈયતના બધા જ લોકો તેની રૂબરૂ અરજ કરવા આવી શકતા ન હતા. કોઈ બીકથી, તો કોઈ અમલદારોની લાંચના ધાકથી. વળી કોઈ ગરીબ કે ચીંથરેહાલ હોય તેને તેના નોકરો મહેલમાં પેસવા ન દે. આથી તેણે પોતાના મહેલની બારીએ ઘંટ ટાંગી તેની દોરી છેક નીચે સુધી લટકતી રાખી હતી; કે જેથી ગમે તે અરજદાર આવીને એ દોરી ખેંચી, ઘંટ વગાડી બાદશાહને જાણ કરી શકે.

મહેલની દીવાલને ઓથે લીલું ઘાસ ઉગેલું હતું. એક દિવસ એક ઘરડો ઘોડો ચરતો ચરતો ત્યાં આવી પહોંચ્યો. આ ઘોડો ઘરડો થઈ જવાથી કંઈ પણ કામ લાયક ન રહેવાને લીધે તેના માલિકે તેને તજી દીધો હતો. ઘાસ ચરતાં ચરતાં અચાનક ઘંટની લટકતી દોરી ઘોડાના મોંમાં આવીને ખેંચાઈ. ત્યાં તો મહેલમાં ઘંટનો અવાજ થવા લાગ્યો!

'કોઈ અરજદાર આવ્યું લાગે છે. જાઓ તેને બોલાવી લાવો.' બાદશાહે ખિદમતદારને હુકમ કર્યો.

થોડીવારે ખિદમતદારે આવીને જવાબ દીધો કે 'નામવર, એ તો પેલા જઈફ સરદાર મુબારકનો ઘોડો છે. પાછલી દીવાલને ઓથે ઉગેલું ઘાસ ચરતાં એના મોંમાં ઘંટની દોરી આવવાથી ખેંચાઈ લાગે છે.'


બાદશાહે મુબારકને તેડાવીને પુછ્યું, 'તારો ઘોડો આમ નધણીઆતો કેમ રખડે છે?'

મુબારકે જવાબ આપ્યો, 'જહાંપનાહ, આ ઘોડો જુવાન વયમાં તો બહુ સુંદર અને બહાદુર હતો. ઘણી લડાઈઓ પણ તેણે મારી સાથે એડી છે. પરંતુ હવે તે ઘરડો થયો હોવાથી તેનું નકામું ભરણપોષણ કરવું મને ભારે પડે તેમ હોઈને મેં તેને છુટો મુકી દીધો છે.'

જહાંગીરે પુછ્યું, 'તારી નોકરી બદલ મારા વાલિદ શાહાનશાહ અકબરે તને પગાર નથી આપ્યો? અને તું ઘરડો છતાં હજી તને વર્ષાસન નથી મળતું?'

'મળે છે, નામવર.'

'છતાં આ બહાદુર ઘોડાને તું પાળી શકતો નથી, ખરું? જા, એ ઘોડાને લઈ જઈને તારા તબેલામાં બાંધ. એનું ઘડપણ પાળ, અને તારું ઘડપણ બાદશાહ પાળશે; બાદશાહ નહિ પાળે તો ખુદા તો બચિત પાળશે.'



ભોળો ભાભો

:મનહર છંદ:

એક ભોળો ભાભો મોટા ખેતરમાં માળે ચઢી
હરણને હાંકે અને પક્ષીને ઉડાડે છે;
જંગલી જનાવરોને બહુ બીવડાવવાને
થાર રહી પોતે એક થાળી લૈ બજાવે છે

એવે સમે ઉંટ આવી ખેતરમાં ખાવા લાગ્યો
ભોળો ભાભો થાળી ઠોકી તેને બીવડાવે છે;
ત્યારે બોલ્યો ઉંટ, મારે માથે તો ત્રંબાળુ ગાજે,
ઠાલો થાળી ઠોકે તે લેખામાં કોણ લાવે છે!'

– કવિ દલપતરામ



કિરીટ

લેખક

શ્રી ધનગોપાલ

ચિત્રકાર: રવિશંકર પંડિત



એક દહાડો સાંજે કિરીટની પીઠ પર ગાદીઓ બાંધીને હું ને મારો ભાઈ જંગલમાં ફરવા નીકળ્યા. હાથીની પીઠ પર ગાદીને બહુ મજબુત દોરડાં વડે બાંધવી જોઈએ; નહિતર એ ગોળમટોળ ડુંગર પરથી સરકી પડતાં વાર ન લાગે! અને ત્યાંથી સરકી પડી હાથીના પગમાં આવી ચગદાવું કોને ગમે? જોકે કિરીટ તો એટલો સમજુ હતો કે દૈવયોગે કોઈ પીઠ પરથી સરકી તેના પગમાં જઈ પડે તો આગળ ડગલું સરખું ન ભરે.

અમે દોરડાં વડે ગાદીઓને મજબુત બાંધીને બન્ને બાજુના ઘંટ ઉચકી લીધા; કેમકે રાતની વેળા જંગલમાં નકામો ઘંટનો અવાજ કરીને પ્રાણીઓને બીવડાવવાં એ ઠીક નહિ. જંગલ એ તો શાન્તિનું ધામ છે. પ્રભુની મધુરી મંદિર સમી શાન્તિનો ભંગ કરવો માનવીને ન છાજે.

કિરીટની પહોળી પીઠપર ગાદીમાં ચત્તા પડ્યા પડ્યા અમે આકાશમાં મલકતા તારાઓ જોઈ રહ્યા હતા. ચન્દ્ર પ્રકાશી રહ્યો હતો અને રૂપેરી કાંઠાઓ વચ્ચે વહેતી તેની ચંદનીની નદીમાં તારાઓ તરતા હતા. અમને ઉંઘ ન આવી, એટલે સુતા સુતા જંગલના અવનવા અવાજો સાંભળવા લાગ્યા. ઘડીકમાં પાસેની ઝાડીમાંથી એકાદ વાઘ નીકળી અમારી આગળ રસ્તા પર થઈ અદૃશ્ય થઈ જતો. કિરીટ એટલો બહાદુર હતો કે આમ કેટલાયે વાઘ નીકળી નીકળીને ચાલ્યા જાય તેની એને રજ પણ પરવા નહોતી. થોડું ચાલ્યા એટલામાં પાસેની ઝાડીમાંથી લોંકડીની ચીસ સંભળાઈ. કિરીટ ઘડીક થોભ્યો, લોંકડી એક બાજુએથી આવી રસ્તો ચીરી બીજી બાજુ જતી રહી, અને અમે આગળ ચાલ્યા. કોઈકોઈવાર ચન્દ્રના અજવાળામાં ઝાડનાં થડોમાં ખીસકોલીઓ પણ રમતી ને કુદાકુદ કરતી નજરે પડતી.

તમને કદાચ ખબર નહિ હોય કે હાથી ચાલતાં ચાલતાં પણ ઉંઘ લઈ શકે છે. થોડીવાર પછી કિરીટની ચાલ ધીમી પડેલી જોઈ અમે જાણ્યું કે તેણે ઉંઘવા માંડ્યું. પણ એટલામાં તો અમારી આંખો પણ ઘેરાવા લાગી. હાથી ધીમે ધીમે ચાલ્યો જતો હતો. અમે ક્યારે ઉંઘી ગયા તેનું ભાન ન રહ્યું.

અમે કેટલો માર્ગ કાપ્યો હશે તે ખબર નથી, પણ અચાનક કિરીટની ભયાનક ચીસો અને બરાડા સાંભળી અમે ઉંઘમાંથી ઝબકી ઉઠ્યા. તેણે શરીરનો એવો તો ઉછાળો માર્યો કે અમે તેની પીઠ ઉપર ઉંધા ઉલટી પડ્યા, અને મહા મુસીબતે ગાદીનાં દોરડાં પકડી વળગી રહ્યા. કિરીટ જીવ લઈને નાસતો હતો.

રસ્તામાં તેની હડફેટે આવતાં ઝાડોનો ખુરદો થઈ જતો હતો. કડાકા કરતી ડાળીઓ ભોંયભેગી થવા લાગી, અને તે પર માળામાં ઉંઘતાં પક્ષીઓ અમારા પર પડી, બીકથી પાંખો ફફડાવી અમને ગભરાવી મુકવા લાગ્યાં. વાંદરાં ચીચીઆરી કરતાં ઝાડો કુદતાં હતાં અને પ્રાણીઓ આ ખળભળાટથી બેબાકળાં થઈ નાસભાગ કરી રહ્યાં હતાં. અમે કિરીટને શાન્ત પાડવાના બહુએ પ્રયત્નો કર્યા, પણ એ તો ગાંડો બન્યો હોય તેમ ઉભી પુછડીએ નાસવા જ માંડયો! એકાએક અમારી આગળનું એક ઝાડ ભારે કડાકા સાથે જમીનદોસ્ત થતું અમે સાંભળ્યું. આખું જંગલ તેના અવાજથી ગાજી ઉઠયું. કિરીટના શરીરમાંથી એક કમકમાટી પસાર થતી અમને લાગી. તે શાન્ત ઉભો હતો.

આ ઓચિંતું શું થયું તે નીચે ઉતર્યા સીવાય કળી શકવું મુશ્કેલ હતું. મેં કિરીટને મને નીચે ઉતારવા કહ્યું. તેણે માથું ધુણાવી ના કહી. મેં ફરીથી વીનવણી કરી. તેણે લાચારીએ સુંઢ ઉંચી કરી ને હું એ પકડી નીચે ઉતર્યો. મને તેની સુંઢ ભીની લાગી, અને સુંઢ પકડતાં તેને કંઈક દર્દ થતું હોય એમ જણાયું. મેં આ વાત ઉપર બેઠેલા મારા ભાઈને જણાવી.

તેણે થોડો વિચાર કરી કહ્યું, 'બરોબર, હવે સમજાયું. આ મહુડાંની મોસમ છે, એટલે અજવાળી રાતમાં રીંછો મહુડાં ખાવા નીકળ્યાં હશે. મહુડાંનું તો ઘેન ચડે; એટલે કોઈ રીંછ રસ્તામાં ઝાડ તળે અંધારામાં મહુડાંના ઘેનમાં સુતેલું પડયું હશે. કિરીટ ઉંઘતો ઉંઘતો ચાલતો'તો, એટલે એને ભાન નહિ રહ્યું હોય. તેના પગ તળે પેલું રીંછ ચગદાયું હશે તેથી એ તેની સુંઢને વળગી પડેલું ને ઉઝરડી નાખેલી. અમથાં તો રીંછ હાથીથી બહુ બીએ, પણ મહુડાના ઘેનમાં એને ભાન નહિ રહ્યું હોય કે એને કોણે ચગદયું; એટલે તા'માં ને તા'માં એ ચોંટી રહ્યું હશે. કિરીટ જો જાગતો હોત તો એને પુરૂં જ કરત; પરંતુ એ ભાઈ પણ ઉંઘતા'તા, એટલે ઓચીંતા ઉઝરડા ભરાવાથી દરદને લીધે બીકથી ભડકીને ભાગ્યા લાગે છે!'

મેં તેની સુંઢ પર હાથ ફેરવી જોયો તો ભીનો થયો. એ કંઈ પરસેવો તો નહોતો જ, કારણકે ચંદ્રના અજવાળામાં મારા હાથ પર લોહી સ્પષ્ટ જોઈ શકાતું હતું. મેં કિરીટને દિલાસો દીધો, ને આવા વેરાન જંગલમાં તેની સુંઢ માટે દવા નહિ મળી શકે તે ખાતર દિલગીરી બતાવી. પછી અમને મુખ્ય રસ્તે પાછા લઈ જવાનું મેં તેને કહ્યું. પણ તેણે તો ચોકખી 'ના' પાડી. તેણે શા માટે ના પાડી તે જાણો છો? પ્રાણીઓ ગુમાની બહુ હોય છે; અને જે જગ્યાએ પોતાનું સ્વમાન ઘવાયું હોય કે પોતે હાર ખાધી હોય તે જગ્યાએ તે કદિ ડગ દેતાં નથી.

હું તેની પીઠ પર ચડી ગયો. રાત બરોબર જામી હતી અને અમે જંગલમાં ભુલા પડેલા હતા. મુળ રસ્તે લઈ જવાની કિરીટ ના પાડતો હતો. હવે શું કરવું? મારા ભાઈએ કહ્યું કે એને પેલો 'ભય-સૂચક અવાજ' આપ. એ સીવાય આ જંગલમાંથી નીકળી ઘરભેગા થવાનો બીજો માર્ગ નથી. મેં કિરીટને એ અવાજ આપ્યો.

તરત જ કિરીટ પોતાની લોહીથી નાગળતી સુંઢ ઉંચી કરી અને અમારી સન્મુખ આવેલું પહેલું ઝાડ કડાકા સાથે નીચે તુટી પડયું. બીજા ઝાડની પણ એ જ દશા થઈ. ત્રીજું ઝાડ બહુ મજબુત હોવાથી તેની સુંઢની કારી ફાવે તેમ નહોતું. કિરીટ જરા બાજુએ થઇને આગળ ગયો અને પાછા હડી એવા તો જોરથી પીઠનો ધક્કો માર્યો કે તે પણ ભોંયભેગું થયું. ઉંઘમાંથી ઝબકી ઉઠેલાં પંખીઓનાં ટોળાં દુધ જેવી ચાંદનીમાં ગભરાટથી ઉડી રહ્યાં હતાં, અને આ કડાકાઓ સાંભળી ગભરાટમાં પડેલાં પ્રાણીઓની નાસભાગનો અવાજ સંભળાતો હતો. ઝાડના મથાળા પરથી વાંદરાઓની હુકાહુક કાને પડતી હતી, અને જેમજેમ ઝાડ નીચે પડતાં તેમતેમ એક ઝાડથી બીજા ઝાડપર થતી કુદાકુદનો અવાજ આવતો હતો. અમે તો હાથીની પીઠ પરની ગાદીને દાંત અને આંગળાં વડે જોરથી ચોંટી રહ્યા હતા. થોડી જ વારમાં અમે, કિરીટ ભડક્યો હતો તે જગ્યાથી આશરે ત્રણ માઈલ દૂર આવેલા જાહેર રસ્તા પર આવી લાગ્યા.



તરત જ કિરીટે પોતાની લોહીથી નીંગળતી સૂંઢ ઉંચી કરી અને અમારી સન્મુખ આવેલું પહેલું ઝાડ કડાકા સાથે નીચે તુટી પડ્યું.

કિરીટ પાંચ વર્ષનો થયો એટલામાં એક બીજું સાહસ ખેડવાનો પ્રસંગ આવી લાગ્યો. અમે તેને શહેરમાં લઈ જવાનો ઠરાવ કર્યો. પણ તેમ કરતાં પહેલાં તેને વાંદરાં અને કુતરાં સાથે હેળવવો જરૂરનો હતો. આપણામાં કહેવત છે કે 'ભસેને હાથી પાછળ કુતરાં ભસ્યે જાય' પણ તે ગણકારે નહિ. પરંતુ આ વાત સાવ સાચી નથી. ગામડાંમાં તો હાથી નીકળે એટલે કુતરાંનું ટોળું ને ટોળું તેની પાછળ પડવાનું; અને આથી કોઈ કોઈ વાર તો હાથી એટલો ચીડાય છે કે તે જોસભેર કુતરાંની પાછળ પડે છે અને પરિણામે અજાણ્યા ગામમાં રસ્તો ભુલે છે.

અમે જે શહેરમાં જવાનો વિચાર કરતા હતા ત્યાં જવાના રસ્તામાં અનેક ગામડાં આવતાં હતાં. અને આ બધાં ગામડાંનાં કુતરાં પાછળ ચીડાઇ ચીડાઇને કિરીટ દોડાદોડી કરી છેવટે રસ્તો ભુલે ને હેરાનગતી ભોગવવી પડે એ અમને પાલવે એમ નહોતું, એટલે અમે એને કુતરાંનો હેવાયો કરવા નિશ્ચય કર્યો.

અમારા ગામડામાં તો કિરીટ નાનેથી મોટો થએલો, એટલે ત્યાંનાં કુતરાં અને તે તો અરસપરસ ટેવાઈ ગએલાં હતાં. એથી તો ઉલટું તેને હેળવવાનું વધુ મુશ્કેલ બન્યું. કારણકે અમારા ગામનાં કુતરાં તેને ન ભસતાં એટલે એ તો એમ જ સમજતો કે કુતરાં ડાહ્યાં હોય છે. અને તેથી કોઇ અજાણ્યા કુતરાને પોતાની પાછળ ભસતું જોઇને તેને નવાઇની સાથે ચીડ ચડતી, અને તે ક્રોધે ભરાઈ તેની એવી તો પુંઠ પકડતો કે આખરે રસ્તો ભુલતો અને મોડા મોડા ઘેર આવતો.

એટલે હું તેને હેળવવા સારૂ બીજાં ગામડાંઓમાં ફેરવવા લઈ ચાલ્યો. પહેલા ગામડામાં તો

એક પણ કુતરૂં મળ્યું નહિ. બીજા ગામડામાં રસ્તે જતાં એકાદ બે કુતરાં મળ્યાં, પણ તે ઘડીક ભસીને જતાં રહ્યાં. પરંતુ ગામ છોડીને અમે થોડે છેટે નહિ ગયા હોઇએ ત્યાં તો કુરકુરીઆં, ડાઘીઆ તથા બીજા ભરવાડી ને જંગલી કુતરાઓનું એક મોટું ટાળું ભસતું ને દાંતીઆં કરતું અમારી પાછળ પડયું અને થોડી વારમાં અમને ઘેરી લીધા. કિરીટ ખુબ છંછેડાયો અને પોતાની સુંઢ વતી તેમને પકડવા ફાંફાં મારવા લાગ્યો. કોઇ કોઇવાર તો હડફેટે ચડેલા કોઇ કુતરા પર પગ દઇને ચગદી નાખવાને તે મથતો. પણ અણીને વખતે કુતરૂં છટકી જતું.

કિરીટ વધારે ને વધારે છંછેડાતો ગયો ને ચોમેરનાં કુતરાંને પકડવા ચકરડી ભમરડી ફરવા લાગ્યો. ધીમે ધીમે તેની આ ચકરડી ભમરડીનો વેગ એટલો વધતો ગયો કે મને ચક્કર આવવા લાગ્યા અને પીઠ પર બેસવું ભારે થઇ પડ્યું. હું સરકી પડવાની અણી પર હતો એટલામાં એક કુતરાની ચીચીઆરી સંભળાઇ. એક કુરકુરીઉં કિરીટના પગ નીચે ચગદાઇ મુઉં હતું. એની આ દશા જોઇ બીજાં કુતરાં બીને નાસી ગયાં. અમે પાછા વળ્યા. કિરીટને ત્યાંથી નદીએ લઇ જઇ મેં ખુબ ધમાર્યો અને પછી ઘેર જઇ તેને સુંદર કુંણી ડાખળીઓ ખાવા દીધી. પણ તે દિવસે તેણે કંઇ જ ખાધું નહિ. તે દહાડા પછી કિરીટ કદિ કોઇ કુતરાના ભસવાથી ચીડાયો નથી, અને કુતરાંનાં ટોળાંનાં ટોળાં પાછળ ભસી ભસીને થાકે તોપણ, જરા યે પરવા કર્યા વિના તેણે અજાણ્યાં ગામડાંઓમાં મુસાફરી કરી છે.



સૂંઢ વતી કુતરાંને પકડવા ફાંફાં મારવા લાગ્યો.

કુતરાંઓનો હેવાયો કર્યા પછી અમે તેને વાંદરાં સાથે હેળવવા માંડ્યો. વાંદરાંની જાત બહુ અટકચાળી છે એ તો તમે જાણો છો. મારી પાસે કપિ નામનું એક લાલ મોંનું ભુરૂં વાંદરાનું બચ્ચું પાળેલું હતું. કપિ કદિ કિરીટની નજીક આવતો જ નહિ; અને કિરીટને પણ તેના સહવાસમાં આવવાનું બન્યું નહોતું.

અમે બજારે જતા ત્યારે કપિને હું મારે ખભે બેસાડી લેતો. પણ બજારમાં કેરીઓ ને નારંગીઓના ઢગલાઓ વચ્ચે થઇને જતાં કપિને હાથ રાખવો બહુ મુશ્કેલ પડતો. તે એટલે ચાલાક હતો

કે મારું ધ્યાન આડું-અવળું થએલું જુએ કે તરત નજર ચુકાવી મારે ખભેથી પરબારો ફેરીના ટોપલા પર કુદકો મારે અને જે એકએ હાથમાં આવે તે લઈ રસ્તો માપે. વેપારીઓ પથરા લઈ તેની પાછળ પડે, પણ એ વાંદરો તે કેમ હાથ આવે? અને આવા અટ-



કચાળા વાંદરાને ભેગો ફેરવવા માટે એમને કોઈ વેપારી મારી સાથે લડવા આવે એ બીકે હું પણ તરત પોબારા માપી જતો. ઘેર આવીને જોઉં તો કપિરાજ ડાહ્યાડમરા થઈ જાણે કંઈ બન્યું જ ન હોય તેમ છાપરાને મોભે ચડી બેઠા હોય! એના ચહેરા પર એટલી નિર્દોષતા હોય કે અજાણ્યો માણસ કળી પણ ન શકે કે પા કલાક પહેલાં એ ઝૂંટ કરીને ભાગ્યો છે!

શહેરમાં જવાનો સમય નજીક આવતો ગયો તેમ તેમ કિરીટ અને કપિને એકબીજા જોડે હેળવવાની મને ચિંતા પેઠી. એક દહાડો કપિને મારે ખભે બેસાડી, તેને બે હાથ વડે બરાબર મજબુત પકડી હું કિરીટના તંબુએ લઈ ચાલ્યો. એ બાઈસાહેબ એક જાડી મોટી ડાંખળીનાં કુણાં કુણાં પાંદડાં સિવાયના બીજાં સુંઢ વડે તોડી નાખી, તેની નાની સરખી પીંછી બનાવી, તે વડે પોતાના શરીર પરથી માખીઓ ઉડાડી રહ્યા હતા! એણે વાંદરાને જોઈને તરત ગુસ્સાવાટો કર્યો અને કપિને પકડવા પોતાની સુંઢ લંબાવી. કપિ આ જોઈને ચીસ પાડીને મારે ખભેથી છટકી કુદ્યો અને તંબુને થાંભલે થઈ છાપરા પર જઈ બેઠો. મેં કિરીટ પાસે જઈ તેને સમજાવ્યો, 'જો કિરીટ, કુતરાંની દોસ્તી કરવા જતાં તો તેં એકને મારી નાખ્યું. હવે વાંદરાની દોસ્તી માટે પણ એકનો ભોગ લેવો છે કે શું? પણ આ કપિ તો આપણો દોસ્ત છે; એને ન મારી નખાય, હોં.'

આ પછી એકાદ અઠવાડીઆમાં તો કિરીટ અને કપિ એકબીજા સાથે હળી ગયા. એક દહાડો ઘરના ચોગાનમાં ફળનો મોટો ઢગલો પડેલો હતો, અને તેની એક બાજુએ કિરીટ અને બીજી બાજુએ કપિ તેના પર મોજથી હાથ મારતા હતા. અલબત્ત, હાથી તો વધારે જ ખાય ને? આ જોઈ કપિએ પણ મોટાં મોટાં ગલોફાં ભરવા માંડ્યાં. થોડી વારમાં ઢગલો ખલાસ થયો અને બન્ને પ્રાણી એકબીજા સામે જોવા લાગ્યાં. વાંદરો બીકથી થરથરવા માંડ્યો, અને ત્યાંથી નાસી જવાની અણી પર હતો એટલામાં, કોણ જાણે કેમ, કિરીટ ડહાપણથી છાનોમાનો પીઠ ફેરવી ચાલતો થયો અને પોતાના તંબુમાં જઈ ઉભો. આ જોઈ વાંદરાને હિમ્મત આવી, અને તે તંબુ ઉપર ચડી તેની કનાતમાંથી ડોકીઆં કરી જોવા





મંડચો. આમ ધીમે ધીમે તેઓ એકબીજા સાથે હળતા જતા હતા. એક દહાડો હું કિરીટ પર બેસી બહાર જતો હતો, એવામાં પાસેના ઝાડ પર બેઠેલા કપિ પર મારી નજર પડી. મેં તેને સીટી વગાડી બોલાવ્યો. તે હિંમતથી કુદી આવી મારે ખભે બેઠો. આ જોઈ કિરીટને થોડીક ધ્રુજારી આવી; પણ પછી તે શાન્ત થઇ ગયો. મેં તેને 'મલી'નો હુકમ આપ્યો, અને તેણે ચાલવા માંડ્યું.

અમે બજારમાં થઈ જતા હતા ત્યાં એક ગલીને નાકે કાછીઆની દુકાન આગળ કેરીઓનો મોટો ઢગલો પડેલો હતો. આ જોઇ કપિરાજની દાઢ ગળી અને મારી નજર ચુકાવી કુદકો મારી પરબારા ઢગલા પર જઈ બિરાજ્યા ને મનમાનતો હાથ મારવા લાગ્યા. કાછીઓ લાકડી લઈ પાછળ દોડ્યો, એટલે કિરીટનો લાગ ફાવ્યો. તેણે ઢગલામાંથી બની એટલી સ્વાહા કરવા માંડી. કાછીઓ વાંદરાને મુકી તેની પાછળ આવ્યો એટલે તે નાઠો. તમને નહિ ખબર હોય કે હાથી કલાકના દસથી પંદર માઇલની ઝડપે દોડી શકે છે. ઘેર આવી જોઉં તો કપિરાજ એક મસ મોટી કેરીમાંથી ગોટલો કાઢી નાખી તેના છોતરાંની બખોલમાં પોતાનું માથું ખોસી રસ ચાટી રહ્યા હતા! એમનું લાલ મોઢું રસથી ખરડાએલું ઓર શોભતું હતું.

(આવતા અંકમાં ચાલુ)



ઘરડો: કેમ, કેવી ગરજ પડી? એ તો ગરજે ગધેડાને પણ બાપા કહેવા પડે.

જુવાન: હા બાપા, ગરજ પડી ત્યારે જ તમારી આગળ આવ્યો છું ને.

●

માણસ: છોકરા તું પ્રમાણિક લાગે છે, પણ મારી તો દસ રૂપીઆની નોટ ખોવાઈ છે, અને તું તો પરચુરણ આપે છે.

છોકરો: હા, હું જાણું છું. પણ તમે મને નોટ જડવા બદલ બક્ષિશ દઈ શકો માટે તેને વટાવીને પરચુરણ લઈ આવ્યો છું.

●

શિક્ષક: મગન, તારા બાપા જીવે છે?

મગન: હા, સાહેબ.

શિક્ષક: એ શો ધંધો કરે છે?

મગન: સાહેબ, એ કહેવાની ના છે.

શિક્ષક: પણ અહીં તારે તે કહેવું જોઈશે.

મગન: નાટકમાં એ 'મુછાળી બાયડી'નો પાઠ લે છે.

●

૧ લો માણસ: આ બે વાઘ જેવા વકીલો મિત્રો રહી શકયા છે એ નવાઈ છે.

૨ જો માણસ: કારણકે તેઓ કાતરનાં પાંખડાં જેવા છે. એકબીજાને ન નડે, પણ વચ્ચે આવે તેને કાપે.

●

મુકાદમ: ભીખા, તું ક્યાં ગયો હતો? કામના વખતમાં આમ રખડે તે ચાલે?

ભીખો: સાહેબ, હું વાળ કતરાવવા ગયો હતો; હજામત બહુ વધી ગઈ હતી.

મુકાદમ: તો હવે, નોકરીના વખતમાં વાળ કપાવવા જવાય ખરૂં?

ભીખો: કેમ સાહેબ, એ નોકરીના વખતમાં ઉગતા નથી?

●

છોકરો: બાપા, બાપા! આપણા દુધના ભરેલા તપેલામાં જીવતો ઉંદર પડ્યો હતો.

બાપ: તો પછી તેં શું કર્યું? બહાર કાઢી નાખ્યો ને?

છોકરો: ના બાપા; મેં આપણી બીલાડીને તપેલામાં નાખી છે, એ પકડી લેશે!

●

આખું માથું સાફ બોડાવીને એક માણસે હજામને પુછ્યું, 'કેટલા પૈસા આપું?'

હજામે કહ્યું, 'બે આના.'

'તારો માથું બોડાવવાનો ભાવ શો છે?'

'બે આના.'

'પણ મારા અરધા માથામાં તો ટાલ હતી; એટલે હું તો એક જ આનો આપીશ.'

●

અમારા અનુકરણ રૂપે એક નવું માસિક શરૂ થવાનું છે. તે વિષે નીચે મુજબની માહીતી તેના તંત્રી અમને મોકલે છે: "કુંભાર, ઉંચની પ્રજાનું માસિક. તંત્રી: બ્રહ્મસપુત ઉથણશી. દર અમાસે રાતે બાર વાગે બહાર પડશે."


નાના ફડ્નવીસની ચતુરાઈ

ચતુરશા એક ચતુર વ્યાપારી હતો. દેશદેશમાં એની પેઢીઓ હતી. દરેક પેઢીમાં એ આંટાફેરો મારતો રહેતો. તે એટલો ચતુર હતો કે જેટલા દેશમાં એને રહેવાનો પ્રસંગ મળતો તે બધા દેશમાં એ પુરો તે દેશનો બની શકતો. વેપારીને માટે જરૂરની એવી જે મીઠી અને ચતુર જીભ, એ તો ચતુરશાને જન્મથી જ મળેલી હતી. દિલનો અને વ્યવહારનો એ સાફ હતો. એટલે એ જ્યાં જતો ત્યાંના લોકોમાં દુધમાં દુધનું ટીપું ભળી જાય તેમ, તરત ભળી જતો. ભાષા તો ભાગ્યે જ માસ એ માસ એની આડે આવતી. અને રીતરીવાજે પણ એ એકદમ જાણી જતો.

એકવાર વેપાર પ્રસંગે એને પુના જવાનું થયું. પુનામાં એ વખતે પેશ્વાઈ અમલ ચાલતો હતો. પેશ્વાનો મુજરો કરવાની તક ચતુરશા જેવો ચતુર નર કેમ જતી કરે?

દક્ષિણમાં તો એ પ્રથમ વેપાર નિમિત્તે થોડો વખત રહી ગએલો જ હતો. એના સ્વભાવ પ્રમાણે દક્ષિણીઓ ભેગો એ દક્ષિણી જ બની ગયો હતો.

પેશ્વાના દરબારમાં ચતુરશાએ શુદ્ધ મરાઠીશાહી મુજરો કર્યો અને શુદ્ધ દક્ષિણી ભાષામાં વાત કરી. પહેરવેશ પણ મરાઠી ઢાળનો જ હતો. આ નવો માણસ કોણ હશે એ કોઇનાથી કળાયું નહિ. નાના ફડનવીસ એની સામું તાકી રહ્યા.



ચાબુકના સપાટા પેલા ઉંઘતા મહેમાનને ચોડી દીધા.

નાના ફડ્નવીસ ભારે મુત્સદ્દી પુરુષ હતો. ચતુરશાને જોઈ એના મનમાં ધડભાંગ થવા લાગી, કારણકે એ વખત બહુ બારીક હતો. પેશ્વાઇ દરબારની જરા જેટલી ગફલત કે ભુલથી આખા દેશની ઉથલપાથલ થઈ જાય એવો પ્રસંગ હતો. એટલે નાના ફડ્નવીસ આ નવા માણસને ધારીધારીને જુએ એમાં નવાઇ ન હતી.

નાના ફડ્નવીસને એટલી બાતમી તો મળી જ કે આ દક્ષિણનો નથી; કોઈ પરદેશી વેપારી છે. ક્યાંનો છે એ હવે કેમ જાણવું? વહેમની નજરથી જ સહુની સામે જોનાર મુત્સદ્દી સીધો જઇને ચતુરશાને તો શાનો જ પુછે?

છેવટે નાના ફડનવીસે એક યુક્તિ શોધી કાઢી. બેચાર દિવસ ચતુરશા જોડે વાતચીતનો પ્રસંગ પાડ્યો અને એટલી ઓળખાણનો લાભ લઇને પાંચમે દિવસે તેને તાણ કરીને પોતાને ત્યાં જમવા નોતર્યો.

ભારે જમણ જમ્યાથી એ સુગીઓ વાણીઓ જરા આડે પડખે થયો અને તેની આંખ મળી ગઈ.

નાના ફડનવીસે બપોરનો વખત પોતાને ત્યાં જ ગાળવાનો ચતુરશાને આગ્રહ કર્યો હતો. એ વાત ઉપર નથી કહી, કારણકે એ આગ્રહમાં ચતુરશાને પોતાને કંઈ ભારે વિચાર કરવા જેવું લાગ્યું નહોતું. જમ્યા પછી જરા સુવું એ તો સ્વાભાવિક જ છે, એમ એનો ખ્યાલ હતો. ફડ્નવીસને ત્યાં સુતા તો ખરા, ને ઉતારે

જઈને સુતા તો યે શું ? એ બાબત કંઇ ખાસ વિચાર કરવા જેવું ચતુરશાને લાગ્યું નહિ.

જોડવણ કરી રાખી હતી તે આટલે સુધી પાર પડી હતી. ચતુરશા ભર ઉંઘમાં હતો. નાના ફડ્નવીસે અગાઉથી તૈયાર કરી રાખેલ સંકેત પ્રમાણે નોકરને ઇશારત કરી. નોકરે ધીમે પગલે ચતુરશાના ઓરડામાં જઈ એક, બે, ત્રણ એમ ઉપરાઉપરી ચાબુકના સપાટા પેલા ઉંઘતા મહેમાનને ચોડી દીધા !

ચતુરશા બેબાકળો બુમ પાડી ઉઠ્યો, ' ઓ બાપરે ! મરી ગયો ! કોણ છે ? કોણ છે ? '

એના ઓરડામાં એ વખતે તો કોઇ ન હતું. બુમ સાંભળીને ' શું છે, શું છે ' કરતો નાના ફડ્નવીસ ઓરડામાં ધસી આવ્યો. ઘરના નોકરોને ધમકાવ્યા. એકને પકડીને બેડી પહેરાવી, અને મહેમાનની માફી માગીને ઉતારે પહોંચાડી દીધો.

નાના ફડ્નવીસના મગજ ઉપરથી એક ચિન્તા ઉતરી. ચતુરશા કોઈ ગુજરાતી વેપારી છે એવી એણે ખાતરી કરી લીધી.


નરહરિ દ્વારકાદાસ પરીખ

તમારી ફુરસદે



જો જુની કાતરની અણીઓ તુટી ગઈ હોય તો કંટાળીને તેને નિરૂપયોગી ધારી ફેંકી ન દેશો. એ કાતરમાંથી પાતળાં પતરાં કાપવાની એકાદ સારી જેવી કાપણી થઈ શકે. કાતરના તુટેલા ભાગને અરધે સુધી કાનસ વડે ઘસી કાઢો અને બે ફળાં વચ્ચેના જડને જરાક ટીપીને સખત કરી લો.

ચિત્રમાં બતાવ્યા મુજબ મીણબત્તીની આસપાસ લોઢાના વાળાને ગોળ વીંટી તેનો છેડો વાંકો વાળી ઉપરની બાજુએ લંબાવો, અને તેને બરોબર મીણબત્તીની ઉપર, જ્યોત ન અડે એટલે ઉંચે, ગોળાકાર મોઢીઉં કરી બાંધી દો. પછી એ ગોળ મોઢીઆમાં સમાઇ શકે તેવો કાગળનો પડીઓ બનાવો. એને મોઢીઆમાં ગોઠવી અંદર થોડું પાણી રેડી તરત જ મીણબત્તી ચેતાવો. પાણી ગરમીને એકદમ ચુસી લે છે એટલે પાણી ઉનું થઇ જશે અને કાગળ બળશે નહિ !



આપેલો છે; પછી સૂરિજી અને અકબરનાં વિસ્તારવાળાં જીવનચરિત્રો આપ્યાં છે; અને ત્યાર પછી અકબરે સૂરિજીને આપેલું આમન્ત્રણ, સૂરિજીએ અકબરને આપેલો ઉપદેશ, એ ઉપદેશને લીધે હિન્દુ રૈયતને કરી આપેલા ખાસ સુધારાનાં વર્ણન—આ બધો એ પુસ્તકનો ઉપયોગી ભાગ છે.

એ ઉપરાંત ઇતિહાસપ્રસિદ્ધ માણસોની ઓળખાણો, અને સંવાદના રૂપમાં સારાસારા કથાપ્રસંગો ગુંથેલા છે તે અમને સૌથી સરસ લાગ્યું છે. આને લીધે મોગલ વખતનું ખરું વાતાવરણ, જાણે, નજર આગળ ખડું થતું લાગે છે.

જુના કાળના જૈન ધર્મગ્રંથો, રાસાઓ વગેરે પુસ્તકોમાંથી શોધખોળ કરી આ પુસ્તક તારવી કાઢેલું છે. તેથી સાહિત્ય અને ઇતિહાસમાં અણજાણ રહેલી એવી કેટલી યે ઉપયોગી માહિતી તેમાંથી મળે છે; તે ઉપરાંત આ પુસ્તકમાં સમ્રાટ અકબર તથા શ્રી હીરવિજયસૂરિની મૂર્તિની છબીઓ અને ઉર્દુ ફરમાનોની નકલો ઉતારેલી છે તે પણ એની ખાસ વિશેષતા છે. ઐતિહાસિક નવલકથાઓના આપણા પ્રખ્યાત લેખક શ્રી. કનૈયાલાલ મુનશીએ એનો ઉપોદ્‌ઘાત લખ્યો છે. પુસ્તક દળદાર અને છપાઈ સુંદર છે, એટલે કીંમત વધારે નથી લાગતી.

લેખક કેટલીક વાર ધર્મગુરુની ઢબે ઉપદેશો દેવા બેસી જાય છે તે સામાન્ય વાચકને સારૂં ન લાગે. જૈન સંપ્રદાય ઉત્તમ એવું મનાવવાની થોડીક દૃષ્ટિ આ પુસ્તકમાં રહી ગઈ છે. આમ ન કરતાં સૌ ધર્મો પોતપોતાનું સાહિત્ય ઇતિહાસની નજરે છપાવે તો નાનોસુનો લાભ ન કહેવાય.

શોધખોળ કરીને જૈન સાધુઓ આવાં પુસ્તકો તારવી કાઢે છે તેનો મુળ ઉદ્દેશ તો જૈન ધર્મના લાભ તથા વિસ્તાર સારૂ જ હોય છે; પરંતુ તેમાંથી ક્વચિત અચાનક આવું ઉપયોગી ઐતિહાસિક પુસ્તક પણ મળી આવે છે.

ઇતિહાસના શૉખવાળા કોઈ પણ અભ્યાસીને આ પુસ્તક વાંચ્યા વિના ન ચાલે.

બાળવિહાર—પ્રગટકર્તા, ગાંડીવ સાહિત્ય મન્દિર, સુરત. કીંમત બાર આના.

વિજ્ઞાનના સિદ્ધાન્તોને વાર્તાના રસમાં ઝબોળીને આ ઉત્તમ અને સુંદર પુસ્તક ભાઇ ઇશ્વરલાલ વીમાવાળાએ તૈયાર કર્યું છે. એમાં કનકવો, બલુન અને વિમાનની રચનાઓ; છાપખાનું ને આગગાડી, સુદર્શન કાચ અને ગુરુત્વાકર્ષણના નિયમો વગેરેનું સરસ વર્ણન સરળ, રમુજી અને સાદી ભાષામાં ચિત્રો સાથે આપ્યું છે.

આજકાલ સામાન્ય લોકોને તો વિજ્ઞાનનો વિષય તદ્દન અપરિચિત અને નવીન છે. માત્ર ઉચી કેળવણીમાં તેનું થોડું નજીવું જ્ઞાન અપાય છે.

કેટલાક લોકો વિજ્ઞાનથી બીએ છે. વિજ્ઞાનને લીધે મોટા મોટા સંચા, તોપો, દારૂગોળા, મનવારો, હવાઈ વિમાનો, સર્ચલાઈટ વગેરે શોધાયાં; અને એ બધાં સાધનોએ છેલ્લી લડાઇમાં માણસજાતની ખુવારી કરી. વળી, યંત્રો વાપરવાથી માણસમાંથી પ્રાણ ચાલ્યો ગયો અને તેઓ સંચા જેવા બની ગયા. આ બધી વાત ખરી માનીએ. યંત્રોનો અજુગતો ઉપયોગ ખરાબ છે; યંત્રોનો યુગ ખરાબ છે; પણ સૃષ્ટિના જે નિયમો વડે, કુદરતના જે કાનુનો વડે એ યંત્રો ચાલી રહ્યાં છે તે કાનુનોનું જ્ઞાન મેળવી લેવું એ તો માણસજાતની ફરજ છે.

આ બાળવિહારમાં કુદરતના કાનુનો અને વિજ્ઞાનના સિદ્ધાન્તો એવી તો સફળતાથી સમજાવ્યા છે કે કોઈ પણ બાળક, કુમાર કે વૃદ્ધ એ વાંચી તેનો અર્થ રસપૂર્વક સમજી શકે. વિષયોની વિવિધતા, સ્વચ્છ છપાઈ અને સાદો ઉઠાવ જોતાં કીંમત બરોબર જણાય છે.

સ્વીકાર

પુનર્જીવન—અનુલેખક, કુબેરભાઇ ઝવેરભાઇ પટેલ. પ્રકાશક, અમીન ઍન્ડ કંપની, સિનોર, વડોદરા. કીંમત બાર આના.

બંસરી—હાથે લખાઈ સાઈક્લોસ્ટાઈલમાં છપાતું ત્રિમાસિક. તંત્રીઓ, બાપુલાલ વિ. ગામી અને આપાભાઈ મો. પટેલ. પ્રકાશક, ભૂલાભાઈ પૂંજાભાઈ પટેલ. ઓડ, આણંદ થઇને. છુટી નકલની કીંમત પાંચ આના.

પ્રાચીન આર્યોનું ભૌતિક શાસ્ત્ર—સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ પ્રસંગે રા. રા. પુરુષોત્તમ વિશ્રામ માવજીએ આપેલું ભાષણ.

ભાવના સૃષ્ટિ—લેખક, પ્રો. વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી, એમ. એ.; પ્રકાશક, યુગાન્તર કાર્યાલય, સુરત. દસ આના.

રાજા રાણી—મુળ કર્તા, રવીન્દ્રનાથ ઠાકુર. અનુવાદક, ઝવેરચંદ મેઘાણી. પ્રકાશક, અમૃતલાલ દલપતભાઇ શેઠ, રાણપુર. કીંમત, દસ આના.

વીસમી સદીની ગુલામી—અનુવાદકો, પ્રભુભાઈ વિઠ્ઠલભાઈ મહેતા અને શંકરદત્ત પાર્વતીશંકર શાસ્ત્રી. નવયુગ પ્રકાશન મન્દિર, સુરત. કીંમત આઠ આના.



માધુકરી

કર્તવ્યનિષ્ઠ પરભુસીંગ

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડતનો પાયો મંડાતો હતો તે અરસામાં ત્યાં અંગ્રેજો અને બોઅર લોકો વચ્ચે લડાઈ જાગી. એ લડાઈમાં હિન્દીઓએ અંગ્રેજોને પુરો સાથ દીધો હતો. બોઅર લોકોએ લેડીસ્મિથ નામના શહેરમાં અંગ્રેજોની એક ટુકડીને ઘેરી હતી. એ ઘેરા વખતે પરભુસીંગ નામના એક ગીરમીટીઆ મજુરે અદ્ભુત કર્તવ્યપરાયણતા બતાવેલી. ગાંધીજી 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઇતિહાસ' માં તે નીચે પ્રમાણે વર્ણવે છેઃ

લેડીસ્મિથમાં ઘેરાએલાં માણસોમાં અંગ્રેજો તેમ જ ત્યાં વસનારા છુટાછવાયા હિન્દીઓ પણ હતા. તેમાં વેપારી વર્ગ તેમ જ ગીરમીટીઆ, રેલ્વેમાં કામ કરનારા અથવા ગોરા ગૃહસ્થોને ત્યાં નોકર તરીકે રહેનારા પણ હતા. તેમાંનો એક ગીરમીટીઓ નામે પરભુસીંગ હતો. ઘેરાએલાં માણસોમાં સૌને કંઈ કંઈ ફરજ તો ઉપરી અમલદાર સોંપે જ. ઘણું જ જોખમ વાળું અને તેટલું જ કીંમતી કામ 'કુલી'માં ખપતા પરભુસીંગને હસ્તક હતું. લેડીસ્મિથની નજીકની ટેકરી ઉપર બોઅર લોકોની પૉમપૉમ્ નામની તોપ હતી. તેના ગોળાથી ઘણાં મકાનોનો નાશ થયો અને કેટલાક જાનથી પણ ગયા. તોપમાંથી ગોળો છુટે અને દૂરના નિશાન સુધી પહોંચે તેમાં એક બે મીનીટ તો અવશ્ય જાય. જો એટલી મુદ્દતની સાવચેતી ઘેરાએલાને મળે તો ગોળો આવી પહોંચે તેના પહેલાં તેઓ કંઈ ને કંઈ ઓથ નીચે છુપાઈ જાય અને પોતાનો જીવ બચાવે. પરભુસીંગને એક ઝાડ તળે બેસવાનું હતું. તોપ શરૂ થાય અને ચાલ્યા કરે ત્યાં સુધી તે બેસતો. તેણે તોપવાળા ટેકરા તરફ જોયાં જ કરવું. અને જેવો એ ભડકો જુએ કે તરત ટોકરો વગાડવો. તે સાંભળીને, જેમ બીલાડીને જોઇને ઉંદર પોતાના દરમાં ઘુસી જાય, તેમ જીવલેણ ગોળો આવવાની સાવધાનીનો ઘંટ વાગતાં જ શહેરીઓ પોતપોતાની ઓથમાં છુપાઈ જાય અને જાન બચાવે.

પરભુસીંગની આ અમૂલ્ય સેવાની તારીફ કરતાં લેડીસ્મિથના અમલદાર જણાવે છે કે પરભુસીંગે એવી નિષ્ઠાથી કામ કરેલું કે એક વખત પણ ઘંટ વગાડતાં એ ચુક્યો નથી. એટલું ઉમેરવાની ભાગ્યે જ જરૂર હોય કે પરભુસીંગને પોતાને તો હમેશાં જોખમમાં જ રહેવાનું હતું. આ વાત નાતાલમાં પ્રકટ થઈ, એટલું જ નહિ પણ લૉર્ડ કર્ઝનને કાને પહોંચી. તેમણે પરભુસીંગને ભેટ કરવા એક કાશ્મીરી જબ્ભો મોકલાવ્યો, અને નાતાલની સરકારને જણાવ્યું કે જેટલી જાહેર રીતે બની શકે તેટલી જાહેર રીતે કારણ દર્શાવીને પરભુસીંગને તે ભેટ કરવો. આ કામ ડર્બનના મેયરને સોંપવામાં આવ્યું હતું, અને ડર્બનના ટાઉન હૉલમાં કાઉન્સિલ ચેમ્બરમાં જાહેર સભા ભરી એ ભેટ આપવામાં આવી હતી.

આ દૃષ્ટાન્ત આપણને બે વસ્તુ શીખવે છેઃ એક તો કોઈ પણ મનુષ્યને હલકો કે નજીવો ન ગણવો. બીજું, ગમે તેવો ભીરૂ માણસ હોય એ પણ અવસર આવ્યે વીર બની શકે છે.

(નવજીવન તા. ૧-૫-૨૪)

લતીફા હાનુમ

લતીફા હાનુમ એ તુર્કસ્તાનના સ્મર્ના શહેરના એક ધનાઢ્ય સોદાગરની બેટી છે. હાલ એ તુર્કસ્તાનના પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખ મુસ્તફા કમાલ પાશાની ઓરત થઇ છે. એની ઉમર માત્ર વીસ વર્ષની છે. હજી થોડાં વરસ પહેલાં તો ઇંગ્લંડના કેન્ટ પરગણાની એક નીશાળમાં એ અભ્યાસ કરતી.

પણ આ કંઈ એની ખરી ઓળખાણ ન કહેવાય. દેશની દુર્દશા ફેરવા માટે પોતાની જાતની રજ પણ દરકાર કર્યા વિના જે ચેતનવંતાં માનવીઓ બહાર પડે છે તેમાંની એક તે છે. તેણે પોતાના દેશની સેવાભાવના સ્વીકારી છે, અને તુર્કસ્તાનની સ્ત્રીઓની ઉન્નતિ કરવાનો તેણે નિશ્ચય કર્યો છે. તમે કહેશો, એમાં શી મોટી બહાદુરી કરી? પણ તમે કદાચ નહિ જાણતા હો કે તુર્કસ્તાન દેશ અત્યારે જુના રીતરીવાજ અને રૂઢીઓથી કેટલો ઘેરાએલો છે. એ દેશમાં સુધારો કરવા બહાર પડનારાઓના જાન હમેશાં જોખમમાં રહે છે. એ રીતે સેંકડો સુધારકોનાં ખુન પણ થયાં છે. કમાલ પાશા પોતે પણ સ્વતંત્રતાનો ઝુંડો લઈ બહાર પડયો ત્યારે આવા કેટલા યે હુમલાઓમાંથી મહામહેનતે બચી શકયો છે.

આવા રૂઢીચુસ્ત પ્રજાની લોકો જ્યાં હોય ત્યાં લતીફા હાનુમ જેવી વીસ વરસની ઉગતી વયની ઓરત સુધારક તરીકે બહાર પડે એ કેટલી વીરતા અને દૃઢતા કહેવાય તે હવે તમે સમજી શકશો. તેણે જનાનાની અને બુરખાની રીત કાઢી નાખી છે. અને ખુલ્લીરીતે અનેક જોખમો વચ્ચે ત્યાંના સ્ત્રીસમાજની હાલત સુધારવા મથી રહી છે.

એ નીડર બાઈ કહે છે કે 'અમે સ્વતંત્રતાનો ઝુંડો ફરકાવ્યો છે. કોઇ પણ પ્રજા પોતાની સ્ત્રીઓને ગુલામડીઓ રાખી મુક્તિ મેળવી શકે જ નહિ.' અમે આ યુવતીની ફતેહ ઈચ્છીએ છીએ, અને ગુજરાતની કુમારિકાઓને આ વીરાંગનાનું દૃષ્ટાન્ત લેવા આમંત્રણ કરીએ છીએ.

શ્રી સમર્થ રામદાસ સ્વામી

'આમ આટલી બધી ચિંતા કોની કર્યા કરે છે, ભાઈ?'

'બા, ચિંતા કરૂં છું વિશ્વની.'

. . . . .

સુકુમાર બાલ્યાવસ્થામાં યે ગાલે હાથ દઈ, ચેરાતી આંખોએ આખા વિશ્વની ચિંતા કરનાર એ એક મહારાષ્ટ્રીય બ્રાહ્મણકુમાર હતો. મરી જાય તોયે કોઇને વેંતભર જમીન ન આપે એ શીવાજીએ પોતાનું આખું રાજ્ય જેને ચરણે વણમાગ્યું ધરી દીધું; જેની ભગવી લંગોટીને શીવાજીએ પોતાના રાષ્ટ્રધ્વજ-ધર્મધ્વજ તરીકે કબુલ રાખી; જેના પ્રત્યે પૂજ્યભાવ સુચવવા માટે પોતાની આખી ફોજને-સત્તાને 'ભગવા ઝુંડા' તરીકે અને પોતાના રાજ્યને 'બ્રાહ્મણી રાજ્ય' તરીકે શીવાજીએ ગર્વભેર ઓળખવા દીધું, એ શ્રી સમર્થ રામદાસ સ્વામી.

શ્રી રામદાસ સ્વામીનો જન્મ ઈ. સ. ૧૬૦૮માં મહારાષ્ટ્રના એક નાનકડા ગામડામાં થએલો હતો. એમનું જન્મનું નામ તો નારાયણ. બહુ નાની ઉમરને લઇને પિતાએ એને મંત્રોપદેશ કરવાની ના પાડી એટલે નારાયણ ચીડાયો. રીસમાં ને રીસમાં ભાઇસાહેબે ઘર છોડીને ચાલતી પકડી; અને માર્ગમાં નાનાંમોટાં અનેક કષ્ટો વેઠી ગોદાવરીને કાંઠે, પંચવટી ક્ષેત્ર પાસે ટાંકળી નામના એક ગામમાં જઈ પહોંચ્યા. ત્યાં શ્રીરામના મન્દિરમાં રહી બાર વરસ પુરશ્ચરણ કરી એક રાતે શ્રીરામનો અનુગ્રહ મેળવ્યો.

લોક-કલ્યાણ કરવાની ધગશ અસલથી જ હૃદયમાં હતી; એટલે બારબાર વરસનાં કઠણ તપ અને આત્મસંયમને પરિણામે મેળવેલી બધી શક્તિઓ લોકોના હિતાર્થે જ વાપરવાનો એમણે નિશ્ચય કર્યો. પરંતુ લોકસેવક બનતા પહેલાં લોકોની સ્થિતિનો પુરો અભ્યાસ કરવો જોઇએ એ રામદાસ સ્વામી સારીપેઠે જાણતા હતા. એટલે ટાંકળીનું રામમન્દિર છોડી એમણે તીર્થયાત્રા શરૂ કરી, અને થોડાં વરસોમાં આખો દેશ પગપાળા નખશિખ જોઈ વળ્યા.

શ્રી સમર્થે પોતાના આ અનેક વર્ષોના પ્રવાસ દરમ્યાન આખા દેશમાં આંધળા ગુરુ અને બહેરા ચેલા જેવી દુર્દશા ચોતરફ જોઇ: અને તેથી ઈ. સ. ૧૬૪૪માં પોતાની તીર્થયાત્રા પુરી કર્યા પછી લોકોના ઉદ્ધાર અર્થે એક નવા સંપ્રદાયની સ્થાપના કરવાના નિશ્ચય પર પોતે આવ્યા. એ નવા સંપ્રદાયનું ચણતર તેમણે આ પ્રમાણે શરૂ કર્યું. કુટુંબજંજાળથી પરવારી બેઠેલા, પરંતુ આખા દેશને કુટુંબ ગણી શકે એવી ઉદાર ભાવનાવાળા ને બુદ્ધિમાન નવજુવાનોને દેશની દુર્દશાથી પુરેપુરા પરિચિત કરી ઠેરઠેર મોકલવા. જ્યાં જ્યાં મોગલ સત્તાનું જોર હોય, જ્યાં જ્યાં જુલ્મી અને અન્યાયી મોગલશાહીનો દોર બેફામ ચાલતો હોય, ત્યાં ત્યાં આ નવજુવાનો, આ મહંતો, આ સ્વયંસેવકો જાય; પોતાના મઠો સ્થાપે; અને જીંદગીભર બ્રહ્મચર્ય પાળી, સંયમી જીવન ગાળી, કશા પણ ભભભટાટ વગર લોકોની સેવા કરી તેમનામાં નવચેતન પ્રેરવાનો યત્ન કરે.

બદ્રીકેદારથી માંડીને રામેશ્વર સુધી, ને દ્વારિકાથી જગન્નાથપુરી સુધી, આખા દેશમાં શ્રી સમર્થે, પોતાની હયાતી દરમીઆન આવા ૧૧૦૦ મઠો સ્થાપન કર્યા અને કરાવ્યા. એ બધા મઠો (અથવા એને વિદ્યાપીઠો કે મુક્તિમંદિરો જ કાં ન કહીએ?)ની વ્યવસ્થા મહારાષ્ટ્રના ચાફળ નામના નાનકડા ગામમાં પોતાના મઠમાં બેઠા બેઠા રામદાસ સ્વામી એકલે હાથે ચલાવતા. દરેક મઠ ઉપર એકેક મહંત અને મહંતના હાથ નીચે કેટલાક શિષ્યો, એવી ગોઠવણ હતી. મહારાષ્ટ્રની હદની અંદરના મઠોના મહંતો ત્રણ ત્રણ વરસે અને બહાર દૂરદેશના મહંતો દર અગીઆર વરસે શ્રી સમર્થ પાસે રૂબરૂ હાજર થઈ પોતાના મઠની તમામ હકીકત જણાવી જાય અને નવી સુચનાઓ લઈ જાય એવી આજ્ઞા હતી. આ ઉપરાંત જરૂર પડ્યે પત્રવહેવાર પણ થતો. તાર, ટપાલ અને આગગાડી વગરના એ જમાનામાં પણ, હિન્દુસ્તાનના એક છેડાથી બીજા છેડા સુધી પથરાએલા આ સેંકડો મઠોની વ્યવસ્થા રામદાસ સ્વામી ચાફળમાં બેઠા બેઠા અજબ રીતે રાખતા. નિયમોનું પાલન કરાવવામાં અને આ મઠોની બધી વ્યવસ્થા બરોબર ચલાવવામાં સ્વામીનો કડપ એક સેનાપતિ જેટલો હતો.

આ મઠોમાં ભિક્ષાવૃત્તિથી માંડીને ઠેઠ રાજકારણ સુધીની અનેક બાબતો શીખવવામાં આવતી. નવજુવાનોમાં નવચેતન સ્ફુરતું, પોતાના ધર્મની રક્ષા માટે મરી ફીટવાની પ્રેરણા આપવામાં આવતી; જીંદગીભર બ્રહ્મચર્ય પાળી લોકોની સેવા કરી પ્રજાનાં દુઃખો ટાળવા માટે કટિબદ્ધ કરવાનું જોમ જગાવાતું. આ રીતે ૧૧૦૦ મઠોમાં પ્રજાકેળવણીનું ધમધોકાર



બોરસદનો બજારચોક

ગઈ તા. ૧૩-૧૪-૧૫ મી મે ના દિવસોમાં ગુજરાત રાજકીય પરિષદ્‌ની સાતમી બેઠક શ્રી. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરના પ્રમુખપદ નીચે બોરસદમાં મળી.



શ્રી. કાકાસાહેબ કાલેલકર

બોરસદ રાજકીય પરિષદ્‌ના પ્રમુખ



શ્રી. અરદેશર ફરામજી ખબરદાર　　　　શ્રી. કાન્તિલાલ છગનલાલ પંડ્યા

ઉપલી હારમાં ડાબી બાજુથી (૧) પંડિત લાલન, જૈન વિભાગના પ્રમુખ; (૨) શ્રી. કાન્તિલાલ પંડ્યા, વિજ્ઞાન વિભાગના પ્રમુખ; (૩) શ્રી. ત્રિભુવનદાસભાઈ; (૪) રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, પરિષદ્‌ના પ્રમુખ; (૫) સર પ્રભાશંકર પટ્ટણી, સ્વાગત મંડળના પ્રમુખ; (૬) સર લલ્લુભાઈ શામળદાસ, સ્વાગત મંડળના ઉપપ્રમુખ; (૭) કવિ ખબરદાર, સાહિત્ય વિભાગના પ્રમુખ.

કામ ચાલતું હોય ત્યાં ગુલામગીરીની શી મગદૂર કે ટકી શકે?

આમ ચાલીસ વરસ સુધી એકધારા પ્રયત્ને લોકોમાં પ્રાણ ફુંકી રામદાસ સ્વામીએ પ્રજાને ચેતનમય બનાવી દીધી. શીવાજી મહારાજના મરણ પછી બીજે જ વર્ષે ઈ. સ. ૧૬૮૧ માં એ સમર્થ સ્વામી રામચરણ પામ્યા.

(સૌરાષ્ટ્ર, તા ૧૨-૪-૨૪)

ડૉ. કેમેરર

'આ અક્કલવાળી માણસજાત જે સારી સૃષ્ટિમાં સર્વોપરીપણું ભોગવે છે તે મુળ તો વાંદરાની ઓલાદમાંથી ઉતરી આવેલી છે.'

આ અજબ સિદ્ધાન્ત ચાર્લ્સ ડાર્વિન નામના ઇંગ્લંડના એક મહાન વિજ્ઞાનશાસ્ત્રીએ શોધી કાઢ્યો છે. એ ડાર્વિનના ગુજરી ગયા પછી હમણાં ડૉ. કેમેરર નામનો એક વિદ્વાન એવા જ અજબ સિદ્ધાન્તો અને પ્રયોગો દુનીઆને બતાવી રહ્યો છે.

ડૉ. કેમેરર કહે છે કે માબાપ જેવાં જ છોકરાં થાય એ કુદરતનો કાનુન જો ખરો હોય તો, આપણે અમુક માબાપમાં અત્યારે જે ફેરફાર કરીએ તે તેનાં છોકરાંઓમાં કુદરતી રીતે એની મેળે આવે. તેણે કરેલા પ્રયોગોનો એક દાખલો લઈએ, એટલે આ વાત સમજાશે.

ન્યૂટ નામનાં એક જાતનાં પ્રાણી અનેક સૈકાઓ થયાં સમુદ્રને તળીએ રહે છે. ત્યાં સદા અંધારૂં હોવાને લીધે એ પ્રાણીને આંખની જરૂર પડતી નથી. તેથી એ જાતનાં બધાં પ્રાણીઓની આંખો ખોટી પડી ગઈ હતી. ડૉ. કેમેરરે એ ન્યૂટ પ્રાણીઓની આંખો સામે ગોળીએ કલાક લાલ અજવાળું પાડી પાડીને તેની આંખો ઉઘાડી. હવે એ આંખો ઉઘડેલાં પ્રાણીનાં જે બચ્ચાં થાય છે તેની આંખો પહેલાંની જેમ ખોટી નથી હોતી, પણ એ જોઈ શકે છે. મનુષ્ય અથવા પ્રાણી જે નવો ગુણ મેળવે છે તે ગુણ તેની પેઢીમાં ઉતરવા માંડે જ છે.

આવા જ, અખતરા કરીકરીને ડૉ કેમેરરે જમીન પર રહેનારા દેડકાઓને પાણીમાં રહેતા કરી દીધા છે; ગરોળીના શરીર પરનાં ટપકાં બદલી નાખ્યાં છે; અને હવે તો એમ પણ કહે છે કે હું વાઘના શરીર પરના ચટાપટા પણ બદલી શકું!

માણસજાત કે પ્રાણીની કોઈ પણ એક પેઢીમાં ફેરફાર થાય, એટલે એ તેના વંશજોમાં ઉતરે જ, એવો કુદરતનો કાનુન છે; તેથી ડૉ કેમેરર કહે છે કે આપણો વિકાસ આપણી મરજી મુજબ કરવો હોય તો એ આપણા હાથની જ વાત છે.

(એપ્રિલના 'ચિત્રમય જગત' પરથી.)

ગયે મહીને

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્

કુમારના ગયા અંકમાં તમે સાહિત્ય, સાહિત્ય પરિષદ્, અને રણજીતરામ વિષે કેટલુંક વાંચી ગયા છો.

છેલ્લી અમદાવાદમાં મળ્યા પછી ત્રણ વર્ષને ગાળે સાતમી સાહિત્ય પરિષદ્ ગઈ ચૈત્રી પુનમે ભાવનગરમાં શ્રી સનાતન ધર્મ હાઈસ્કુલના વિશાળ ચોકમાં ભરાઇ.

સાહિત્ય અને લોકજીવન જુદાં હોઇ ન શકે. ખરી રીતે કહીએ તો સાહિત્ય લોકજીવનનો પડઘો હોય. સાહિત્ય પરિષદ્માં આ વિરોધ ખુલ્લો નજરે પડતો. સાહિત્યની ખરી જીંદગી જીવનારનાં જે પ્રાણ, પોશાક અને મનોવૃત્તિ જોઇએ તે બહુ ઓછામાં જણાતાં હતાં.

સાહિત્ય અને કળાનો સંબંધ પણ અતિ ઓછો દીસતો હતો. જે કન્યાઓ સંગીતકાવ્યો ગાઇને પરિષદ્નો આરંભ કરતી તેઓ પરદેશી વસ્ત્રોમાં શણગારેલી ઢીંગલીઓ જેવી દેખાતી હતી. કંઠરવ કોમળ છતાં બાંધેલો હતો. દેશના ફુલછોડ સુકાઇ ગએલા હોય તેમ પરદેશી રંગીન ફુલોની તોરણમાળા લટકતી હતી. સ્વયંસેવક કુમારકોનાના દંડધારીઓમાં જોકે વિનય ઠીક હતો, તોપણ આવડત અને સંસ્કાર આછાં હતાં. ગુજરાતી સાહિત્યની આ પરિષદ્માં છુટી છવાયી કચુંબર રૂપે અંગ્રેજી ભાષાની વાનીઓ પીરસવાને ભાષણ કરનારાઓ ભુલ્યા નહોતા.

શું શું હોવું જોઇતું હતું એ વિષે 'સૌરાષ્ટ્ર' લખે છે કે 'મંડપની બહાર ચોથડીઓ ગાતી શરણાઇઓ સંભળાતી હોત. સૌરાષ્ટ્રના સર્વશ્રેષ્ઠ ભજનિકોની ધુન મચતી હોત. સૌરાષ્ટ્રનો કોઇ સરસ રામાયણ વાંચનારો શોધી કઢાયો હોત; સૌરાષ્ટ્રના ઉછરતા ચિત્રકારો, લેખકો, કવિઓ વગેરેની કંઇક પ્રસાદી મળી હોત. પરંતુ અહીં તો હાજીમહમ્મદ જેવાની પણ તસ્વીર નહોતી. કવિ બોટાદકરને જોવા નાનામોટા બધા ઝંખતા હતા....એ અને એવા બીજાની પિછાનોના પ્રસંગો ગોઠવાવા જોઇતા હતા......સરસ્વતીનાં નગરકીર્તનો કરતી કરતી આખી મેદની પૂર્ણિમાએ નગરમાં નીકળી હોત તો રસજ્ઞતાનું સો ભાષણો કરતાં વધુ રસશિક્ષણ પ્રજાને મળત. ઝાંસી, બ્યુગલો અને શરણાઈ ઢોલની સાથે નાનામોટા હોંશીલા સ્વયંસેવકોની કુચ કરાવી હોત તો કંઇક ચિરસ્થાયી શૌર્યરસ સૌનાં દિલમાં રેડી શકાત....ઘીના દીવાની ઝુલતી દીવીઓ

નહોતી. અંગરબત્તી કે ફુલની સુગંધ નહોતી. ગુર્જર સુન્દરીઓએ ગુંથેલાં તોરણો કે ચાકળા નહોતા. નાની રંગભૂમિ કરીને નાટ્યપ્રયોગો ભજવવાની હોંશ પણ ભાવનગરના તરૂણોમાંથી કેમ ઉડી ગઈ? આ બધા તો આપણા રસજીવનના ધબકારા કહેવાય.'

...પણ સાહિત્ય પરિષદ્‌માં જે મઝાહ હતી તે મેળાની હતી. સઘળા સાહિત્યપ્રિય સજ્જનોનો સમુદાય ત્યાં જોવા મળતો હતો.

ધોળા કાઠીઆવાડી પોષાકમાં, દાઢીવાળા, મર્માળાં વચન બોલી સ્મિત કરી, રાજકારભાર અને ઘડપણનો થાક ઉતારતા પટ્ટણી સાહેબ; આંખે ઝાંખ આગ્નેય સાહિત્યના ભક્ત રહેલા, મરાઠી અને સંસ્કૃતના અથંગ ઘુપા અભ્યાસી, ખડખડાટ હસી પડતા, ઠીંગણા બાંધાના, જ્ઞાનવૃદ્ધ અને વત્સલ, પારસી ગણિતશાસ્ત્રી સંજાણા સાહેબ; ફરમાન આપતા હોય એવી ચોક્કસ વાણી ઉચ્ચારતા, યુરોપીય ઢબછબમાં સૌથી જુદા પડી જતા, જાડા ને બેઠા બાંધાના બળવંતરાય ઠાકોર; લાયક વેશમાં કંઈક શામળા ને સરવા સાદવાળા, નવજુવાનોને દોરતા ને લોકતંત્રવાળા સાહિત્યના હીમાયતી, ઉત્સાહી ને રમુજી 'સાહિત્ય'ના તંત્રી મટુભાઇ; ચોકખા મનના ને ચકોર નજરવાળા, સ્વચ્છ અને એકધારા ઉચ્ચારથી બોલતા, મીઠી રીતે મલકતા, અમેરિકામાં અંતરલેમ ભરેલા, પાતળીઆ જુવાન, સ્ફટિક જેવા પારદર્શક પેલા કાન્તિલાલ પંડ્યા; અને 'લલિતકળા'નો નિબંધ વાંચી સૌના અંતરમાં માધુરી રેડનાર સરસ્વતીના સૌભાગ્ય રૂપ લાગતી, એકની એક ગુજરાતણ બ્હેન ચૈતન્યબાળા.

પણ તમે ભોળા અને માયાળુ, ઓછાઓછા થતા અને જ્યાંત્યાં એકાદ ભજન ગાતા, મંજીરાંવાળા લલિતજીને નહિ જોયા હોય. સદાના સાદા અને સંતાતા શરમાળ કવિ દામોદરદાસ બોટાદકરને ઓળખો છો? અને એક અજાણ્યા ચહેરો તો તમે કયાંથી જ જોયો હોય? એ રસભર અને ભાવનાઘેને ઘેરાએલી આંખો, તથા ભાવભીના અંતરવાળા, કાઠીઆવાડી ગુજરાતીના સાચા લેખક અને લોકભાષાના પ્રેમી, પ્રાણવાન યુવાન ઝવેરચંદ મેઘાણી. સારૂં સૌરાષ્ટ્ર આજે એની છાની પ્રસાદી દર અઠવાડીએ ચાખે છે.

સાહિત્યપૂજકને યોગ્ય વ્યક્તિત્વવાળા, કદાવર શરીરના, બુલંદ તેમ જ લાગણીભર્યા અવાજે વીર અને કરૂણરસ ગજવનાર અને ગાનાર, ગુજરાતી ભાષાના મહા મહેનતુ ઉપાસક, સત્તર વરસે આજ ગુજરાતમાં પગ દેનાર **ભાઈ**, પારસી વેપારી અને શિઘ્ર કવિ અરદેશર ફરામજી ખબરદાર. એમના કાવ્યમય ભાષણે સાંભળનારાઓને મુગ્ધ કરી દીધા. સાહિત્ય ખેડનારાઓને અને ઉગતા કવિઓને એમણે નવી દિશા બતાવી છે. ખરેખર, સાહિત્ય વિભાગના એ અધ્યક્ષ થવાને યોગ્ય જ હતા.

સ્વતંત્ર સાહિત્યજીવન ગાળતા ન્હાનાલાલ, સાક્ષર-કવિ નરસિંહરાવ અને વકીલાતની અપાર પ્રવૃત્તિમાં પણ ઉત્તમ

ગુજરાતી સાહિત્ય સંસ્કૃત જેવું પ્રૌઢ ન હોય, અંગ્રેજી જેવું વિશાળ ન હોય, કદાચ એના બાળબંધુ બંગાળી જેવું નવસમૃદ્ધ પણ ન હોય; પણ એ સુંદર અને મધુર તો છે જ, અને આપણું પોતાનું હોવાથી વહાલું પણ છે જ. એને આપણા સિવાય બીજા કોણ લાડ લડાવશે, એની અભિલાષાઓ બીજા કોણ પુરી કરશે, એની નાનીમોટી સેવા બીજા કોણ ઉઠાવશે, અને દુનીઆમાં એને આગળપડતું કરવા માટે આપણા સિવાય બીજા કોણ એને માથે કીર્તિની કલગી ખોસશે, એવા એવા કોડ આપણ સર્વ ગુજરાતી બંધુઓમાં સતત ઉછળતા રહેવા જોઇએ. એને માટે પ્રેમાનંદે જીવનભર માથે પાઘડી બાંધી નહિ, એને માટે નર્મદે કેસરીઆં લઇ પેટે પાટા બાંધ્યા, એને માટે દલપતરામે દરબારે દરબારે વકીલાત કરી લક્ષ્મીજાયાઓ પાસે ભિક્ષા માગી, અને આપણી નજર સામે એને માટે ગોવર્ધનરામે લક્ષ્મીજીનાં સુવર્ણધામ છોડી વનવાસ સેવ્યો. બહેનો અને ભાઇઓ, એવી એ આપણી ગુજરાતી ભાષા અને એવુ એ આપણું ગુજરાતી સાહિત્ય કોને પ્રિય ન હોય? એનું અભિમાન આપણે કેમ ન રાખીએ? એની સેવામાં આપણે કેમ નાનમ ગણીએ? એનું રક્ષણ કરવા આપણે કેમ પાછી પાની કરીએ? જેવું છે એવું પણ એ સાહિત્ય આપણું છે, અને આપણી સેવા ઉપર એનો જન્મસિદ્ધ હક્ક છે. પણ આપણી સેવા એની પ્રશંસાનાં બણગાં ફુંકવામાં નથી. એની દિન ઉગ્યે વધતી સમૃદ્ધિમાં આપણે ફુલ નહિ તો ફુલની પાંખડી યે ઉમેરવાની છે. એમ કરવા જતાં આપણા પ્રયાસો વાંકાચુંકા થઇ ન જાય તે સંભાળવાનું છે.

—**કવિ ખબરદાર**

(સાહિત્ય પરિષદના ભાષણમાંથી)

નવલકથાઓ લખનારા કનૈયાલાલ મુનશી પરિષદ્‌માં હાજર ન હતા; નહિતર વળી ઓર આનંદ આવત. આવતી સાહિત્ય પરિષદ્‌ને શ્રી મુનશીએ મુંબઈ નોતરી છે.

પરિષદના વૃદ્ધ પ્રમુખ કમળાશંકરભાઇએ સઘળો ભાર તરુણ સાહિત્યરસિકો ઉપર નાખ્યો છે. એમણે ભાષણને અંતે કહ્યું છે: 'બંધુઓ, ગુજરાતી સાહિત્યનું ભવિષ્ય તમારા જ હાથમાં છે. તમે એ સાહિત્યના પ્રાણ છો, તમે જ એનો આત્મા છો. તમારા પ્રયત્ન પર જ એના શ્રેયનો ને ભાવી કલ્યાણનો બધો આધાર છે. તમારી પૂર્વના લેખકોએ જે જ્ઞાનપ્રદીપ પ્રગટાવ્યો છે તેની જ્યોતને ઝગઝગતી કરો, તેનો પ્રકાશ ચોતરફ ફેલાવો, અને સાહિત્યક્ષેત્રનો સર્વ પ્રદેશ એવો તો પ્રકાશમય બનાવો કે અન્ય સાહિત્યક્ષેત્રમાં વિચરનારને આદર્શભૂત થાય'



સાંભળ્યું છે કે

અમેરિકાની એક બૅન્કે એક અજબ કૅલેન્ડર બહાર પાડયું છે. એ કૅલેન્ડરમાં એક ખાનું છે. તારીખ બદલવી હોય તો એમાં દસ સેન્ટનો સીક્કો નાખવો જોઈએ. પૈસા બચાવવાની આ નવી યુક્તિ. દરેક ગૃહસ્થ આવું એકેક કૅલેન્ડર ઘરમાં વસાવે તો તેને તારીખ બદલવા માટે રોજ એક સીક્કો તો નાખવો જ પડે; આ રીતે તે આપોઆપ વરસ દિવસે આશરે ૧૧૫ રૂપીઆ બચાવી શકે.

ઓલ્ની નામના ગામમાં એક ઘરમાંથી કટકેકટકે કપડાં ઉપર મુકવાની કોર ગુમ થઈ ગઈ. ઘરધણીએ તેની ખોળ માટે પોલીસ દોડાવી. છેવટે ખબર પડી કે તેની વાડીના એક પક્ષીએ તેને માળાની બાંધણીમાં ગુંથી દીધી હતી!

પૅસિફિક મહાસાગરમાં આવેલા એક બેટના જંગલોમાં એક પર્વત છે જે રાત્રે ઝગઝગી ઉઠે છે. વહાણવટીઓ કહે છે કે જે કોઈ એની પાસે જાય છે તેની ચામડી બળવા માંડે છે. કદાચ એમાં ઘણું રેડીઅમ હોય.

સ્વીડનના બે એન્જીનીઅરોએ એવું વીજળીક યંત્ર શોધ્યું છે કે અમુક જમીનમાં અમુક જાતની ધાતુ છે એમ તે અવાજ કરીને કહે છે.

અમેરિકાની એક વિદ્યાપીઠે અવલોકન અને ઉપયોગ માટે ૨૫૦૦ જાતની રેતી એકઠી કરી છે!

મિ. રીડે સૂર્યમાળામાં એક નવો ધૂમકેતુ શોધી કાઢયો છે.

અમેરિકાના મિ. ઍન્ડ્રુઝ માને છે કે પ્રથમના વખતમાં ઉત્તર અમેરિકા અને એશીઆ જમીનથી જોડાએલા હતા. પ્રાણીઓની જ નહિ પણ માનવજાતની ઉત્પત્તિ મધ્ય એશીઆમાંથી થઇ છે.

પાણીના પુરમાં પણ ચાલી શકે એવી એક આગગાડી બનાવવામાં આવે છે.

સાચ્ચે

વાંદરાંને પણ મનુષ્યો જેવાં જ દર્દો થાય છે.

વીસ વરસની વાત ઉપર રસ્તામાં ભાગ્યે જ એક મોટર દેખાતી. આજ મોટરોની આડે રસ્તો ભાગ્યે દેખાય છે!

પ્રાણીઓ એકબીજાને વાતો કહી શકે છે. હિન્દુસ્તાનના એક દાકતરે કોઇ રખડતા પગ ભાંગેલા કુતરાને દવા કરી સાજો કર્યો. અઠવાડીઆ પછી પેલો જ કુતરો બીજા કોઈ પગ ભાંગેલા કુતરાને દરદી તરીકે લઇ બારણે આવી ઉભો રહ્યો!

કૅલિફૉર્નીઆમાં પાંચ લાખ વરસની જુની માણસની ખોપરી મળી આવી છે.

આગીઆમાં જે પ્રકાશ છે તે એક્સ કિરણોને મળતો આવે છે.

ફ્રાન્સના એક શહેરમાં શહેરીઓએ દાક્તરને દર્દ મટાડવા નહિ પણ તંદુરસ્ત રાખવા માટે રોકેલો છે.

કાંઈ પણ તપાવવા અને રાંધવા તથા પ્રકાશ પુરો પાડવા ઘાસમાંથી હવે ગૅસ બનાવવામાં આવે છે. બાળી જે કારણ બચશે તેનું બળતણ થશે!

દુનીઆમાં કુલ ૩૪૨૪ ભાષાઓ છે.

અસલના વખતમાં મીસર અને ગ્રીસના લોકો પાણીથી વખત માપી શકાય તેવું ઘડીઆળ વાપરતા. આપણા પૂર્વજો આર્યલોકો પણ આવું જ ઘટિકાયંત્ર વાપરતા.

આઠ ફુટના આંતરેથી ઉપર લોખંડનો ગોળો પડતો મુકવામાં આવે તો પણ ન તુટે એવી જાતનો કાચ બનાવવામાં આવ્યો છે.

રત્નોમાં સારી નરસી સુવાસ હોય છે. નીલમને ખાંડી ભુક્કો કરીએ તો મધુર સુગંધ આવે છે, જ્યારે હીરાને ભાંગી ભુકો કરવાથી દુર્ગંધ છુટે છે. માણસોનાં ઘરેણાંમાં જે જવાહીર હોય તે પ્રમાણે તેનો સ્વભાવ પણ બદલાય છે.

ઇટાલીના અમલ્ફી અને બીજાં ગામો જમીન ગરવાથી નાશ પામ્યાં છે. જમીન ગરવાનું કારણ એ હોય છે કે એક પ્રકારના જંતુની જાત જમીનના પડ નીચે ઘર કરી રહે છે, અને સૈકડો વરસો સુધી માટી ખોદવાનું કામ કરે છે. આથી પોલી બની રહેલી જમીન કોઈ વાર અચાનક ગરી પડે છે.

રસાયણશાસ્ત્રીઓએ કોલટારમાંથી બનાવટી કસ્તુરી ઉત્પન્ન કરી છે. તેની સુગંધ મુળ કસ્તુરીના જેટલી જ જબરદસ્ત છે.

આલ્ફ્રેડ નોબલ નામના રસાયણશાસ્ત્રીએ લાકડાંના ભુસામાંથી ચામડું બનાવવાની રીત શોધી કાઢી છે.

અમેરિકાનો ખબરપત્રી કોલી નામે કુતરાની એક વાત લખે છે. કોલી પોતાના માલીક સાથે મોટરની મુસાફરી કરતો હતો. રસ્તામાં એક પડાવમાં તે એકવાર ખોવાઈ ગયો. મહીનાઓ વીત્યા અને આખરે હમણાં જ એ પોતાના શેઠને ઘેર પહોંચ્યો છે. એણે ૨૮૦૦ માઇલની કુચ કરી છે. ચાલીચાલીને એના પગના નહોર ઘસાઇ ગયા છે. કેવું વફાદાર પ્રાણી!

ગરમ જગ્યા કરતાં ઠંડી જગ્યાએ મગજ સારૂં કામ કરે છે.

વીજળીક તારથી જેમ સંદેશા સાંભળી શકાય છે તેમ બોલનારની છબી પણ દેખી શકાય એવી શોધ મિ. કૅમ્પબેલ સ્વિન્ટન કરે છે.

અનેક દેશમાં વપરાતા ટાઇપ-રાઇટરનો શોધક મિ. એલિફાલેટ રેમિન્ગટન હમણાં જ ગુજરી ગયો છે.

મેસોપોટેમીઆના 'કીશ' ગામમાંથી પ્રોફેસર લૅન્ગ્ડનને ૪૦૦૦ વર્ષની જુની હાડકાની કલમ મળી આવી છે.

કપાસના છોડમાં બગાડ કરતાં જંતુઓ નાબુદ કરવાને કૅલ્શીઅમ આર્સનિટ નામનો પદાર્થ કામ આવે છે. આ પદાર્થ સોંઘો પડે માટે તેને બનાવવાની નવી રીત શોધાઇ છે.

જીનીવામાં જ્યાં બાઈરન કવિ પોતાનું 'ચાઈલ્ડ હેરોલ્ડ' નામનું પુસ્તક લખતો ત્યાં એનું સ્મારક ત્રીજી મેને દિવસે ખુલ્લું મુકાયું છે.

આડ્રીઆટીક સમુદ્રમાં એકાએક કુદરતી જળફુવારો છુટવાથી એક હોડીમાં બેઠેલા ચાર મચ્છીમારોમાંથી ત્રણ પાણીમાં કુદી પડ્યા અને ડુબી ગયા. ચોથો પાણીના જોરને લીધે અદ્ધર ઉડ્યો, પાછો પાણીમાં પછડાયો: પાસેના હોડીવાળાઓએ એને જોયો અને રસ્યાદોરી નાખી બચાવી લીધો.

જમીન અંદરની ખાણોમાં ૯૦ ફુટ ઉંડે સુધી વાયરલેસનો સંદેશો પહોંચી શકે છે.

૨૨ વરસ પહેલાં જર્મનીથી ચાર પત્તા ટપાલમાં નાખેલાં તે હમણાં લંડનમાં તેમના માલિકોને મળ્યાં છે!

અમેરિકાની એક મોટી રેલ્વે કંપની તરફથી એવું જાહેર કરવામાં આવ્યું છે કે પહેલા વર્ગના ઉતારૂઓને રાત્રે નાસ્તા વખતે ચાલતી ટ્રેને સીનેમા પણ બતાવવામાં આવશે!

બીજ વાવવા માટે જમીનને બહુ ઉંડી ખોદવાની જરૂર નથી. બીજને જરા ઉપરછલ્લું વાવવું એ રીત સરસ મનાઇ છે. કુદરત પણ આમ જ કરે છે. કોઇ ઉડતું બીજ બેટાએલી જમીનમાં ચોંટી જાય છે. આથી મુળીઆં મજબુતપણે બાઝે છે.

કેટલાક છોડ પોતાની છબી પોતે જ પાડે છે. તેમના ઉપર તેજનું કિરણ બહારથી નાખવામાં આવે છે. એ કિરણ તેઓ અંદર લઈ પાછું બહાર ફેંકે છે. ફેંકેલું કિરણ પ્લેટ ઉપર ઝીલવાથી એ છોડની છબી પડે છે. વળી છોડની અંદરના રંગીન ભાગોની છબીઓ પણ એ જ રીતે લઇ શકાય છે!

આજસુધીમાં શોધાએલું સઘળું રેડીઅમ માત્ર સાત ઔંસથી સ્હેજ વધુ છે. તેની કીંમત ૬૦ લાખ પાઉંડ થવા જાય છે.

યુરોપમાં સૌથી ઝાઝાં જંગલ રશીઆમાં છે; સૌથી ઝાઝાં કોતર નૉર્વેમાં છે; સૌથી ઝાઝાં સરોવર સ્વીડનમાં છે; સૌથી ઝાઝી નહેરો હોલાંડમાં છે; સૌથી ઝાઝી નદીઓ હંગરીમાં છે; સૌથી ઝાઝાં શહેર જર્મનીમાં છે; સૌથી ઝાઝાં કારખાનાં ઈંગ્લંડમાં છે; સૌથી ઉજ્જડ દેશ પોલાંડ છે; સૌથી ગરમ દેશ માલ્ટા છે; અને સૌથી પહાડી દેશ સ્વિટ્ઝર્લાંડ છે.

હીરો એ સૌથી સખતમાં સખત વસ્તુ છે. પણ શાર્ક માછલીનું ચામડું તો એટલું કઠણ હોય છે કે તેને સુકવીને કરવામાં આવતો ભુકો હીરાને ઘસીને ચકચકિત કરવાના કામમાં વપરાય છે.

વિલાયતની બાઈબલ સોસાયટીએ ૫૫૮ ભાષામાં બાઇબલનો તરજુમો બહાર પાડ્યો છે; અને તેની નકલોનો ફેલાવો આખી દુનીઆ ઉપર છે.

દેડકું સાધારણ પ્રાણીઓ કરતાં બહુ લાંબો વખત જીવે છે, અને ઘણે ભાગે અકસ્માતે જ મરણ પામે છે.

ચીનમાં ૧૩૩⅓ પાઉંડના વજનનું માપ ચાલે છે તેને પિકલ કહે છે.

સાહિત્ય પરિષદ્‌ના ફોટોગ્રાફો માટે અમે 'મનહર સ્ટુડીઓ, ભાવનગર' ના આભારી છીએ.